RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 051 Dt. 11-09-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# પ્રાદેશિક પક્ષોએ ૨,૫૩૨ કરોડની આવક કરી જાહેર

## ભારત રાષ્ટ્ર સમિતિએ સૌથી વધુ ૬૮૫.૫૧ કરોડની આવક નોંધાવી

નવીદિલ્હી, તા. ૧૦

ચૂંટણી અધિકાર સંસ્થા એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સના વિશ્લેષણ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં લગભગ ૪૦ પ્રાદેશિક રાજકીય પક્ષોએ ₹૨,૫૩૨.૦૯ કરોડની સંયુક્ત આવક જાહેર કરી હતી, જેમાંથી ૭૦% થી વધુ ભંડોળ ચૂંટણી બોન્ડ દ્વારા આવ્યું હતું. ભારત રાષ્ટ્ર સમિતિ (BRS) એ સૌથી વધુ ₹૬૮૫.૫૧ કરોડની આવક નોંધાવી હતી, ત્યારબાદ તૃણમૂલ કોંગ્રેસ (TMC) ₹૬૪૬.૩૯ કરોડ, બીજુ જનતા દળ (BJD) ₹૨૯૭.૮૧ કરોડ, તેલુગુ દેશમ પાર્ટી (TDP) ₹૨૮૫.૦૭ કરોડ અને YSR કોંગ્રેસ ₹૧૯૧.૦૪ કરોડની આવક નોંધાવી હતી. ૪૦ પ્રાદેશિક પક્ષો દ્વારા જાહેર કરાયેલ કુલ આવકના ૮૩.૧૭% આ પાંચ પક્ષોનો હિસ્સો હતો.

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે ૪૦ પ્રાદેશિક પક્ષોની કુલ આવક અહેવાલમાં જણાવાયું છે કે, ''નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે વિશ્લેષણ કરાયેલા ૪૦ પ્રાદેશિક રાજકીય પક્ષોની કુલ આવક (રૂ. ૧,૭૯૬.૦૨૪ કરોડ) ના ૭૦% થી વધુ આવક ચૂંટણી બોન્ડ દ્વારા પ્રાપ્ત દાનમાંથી આવી હતી.'' ADRએ જણાવ્યું હતું કે ૨૦ પ્રાદેશિક પક્ષોના ઓડિટ રિપોર્ટ્સ રજૂ કરવાની છેલ્લી તારીખના ૩૧૩ દિવસ પછી પણ ભારતીય ચૂંટણી પંચ (ECI) ની વેબસાઇટ પર ઉપલબ્ધ નથી. અઉછ દ્વારા



વિશ્લેષણ કરાયેલા ૪૦ માંથી ૨૦ પક્ષોના ઓડિટ રિપોર્ટ્સ રજૂ કરવાની નિયત તારીખથી ૧૨ થી ૨૧૬ દિવસના વિલંબ પછી ECI વેબસાઇટ પર ઉપલબ્ધ હતા.

ADR એ નોંધ્યું છે કે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ની તુલનામાં પ્રાદેશિક પક્ષોની કુલ આવકમાં ૪૫.૭૭% નો તીવ્ર વધારો થયો છે, જ્યારે તેમની કુલ આવક રૂ. ૧,૭૩૬.૮૫ કરોડ હતી. ટીએમસીએ ₹૩૧૨.૯૩ કરોડનો સૌથી મોટો વધારો નોંધાવ્યો હતો, જ્યારે ટીડીપી અને બીજેડીએ પણ નોંધપાત્ર વધારો નોંધાવ્યો હતો. અહેવાલમાં જણાવાયું છે કે ૨૭ પ્રાદેશિક પક્ષોએ તેમની આવકનો એક ભાગ બિનખર્ચિત જાહેર કર્યો હતો, જ્યારે ૧૨ રાજકીય પક્ષોનો ખર્ચ વર્ષ દરમિયાન એકત્રિત આવક કરતાં વધુ હતો. બીઆરએસે તેની આવકના ₹૪૩૦.૬૦ કરોડ, ટીએમસી ₹૪૧૪.૯૨ કરોડ અને બીજેડી ₹૨૫૩.૭૯ કરોડ ખર્ચ્યા ન હતા.

તેનાથી વિપરીત, વાયએસઆર કોંગ્રેસ, દ્રવિડ મુનેત્ર કઝગમ (ડીએમકે), સમાજવાદી પાર્ટી અને જનતા દળ (યુનાઇટેડ) સહિત ૧૨ પક્ષોએ તેમની આવક કરતાં વધુ ખર્ચ કર્યો હતો, જેમાં વાયએસઆર કોંગ્રેસે લગભગ ૫૫% વધુ ખર્ચ કર્યો હતો. ગોવા ફોરવર્ડ પાર્ટીએ કોઈ આવક જાહેર કરી ન હતી પરંતુ ₹૧.૫૬ લાખનો ખર્ચ જાહેર કર્યો હતો. કુલ આવકમાંથી ₹૨,૧૧૭.૮૫ કરોડ (૮૩.૬૪%) સ્વૈચ્છિક યોગદાનમાંથી આવ્યા હતા. આમાંથી, ચૂંટણી બોન્ડ દ્વારા મળેલા દાન રૂ. ૧,૭૯૬.૦૨ કરોડ (૭૦.૯૩%) હતા, જે ફક્ત ૧૦ પક્ષો દ્વારા જાહેર કરવામાં આવ્યા હતા, જેમાં બીઆરએસ, ટીએમસી, બીજેડી, ટીડીપી, વાયએસઆર કોંગ્રેસ અને ડીએમકેનો સમાવેશ થાય છે.

# દોહા હુમલા અંગે પીએમ મોદીએ વ્યક્ત કરી ચિંતા

### કતારના શેખ તમીમ બિન હમાદ અલ-થાની સાથે વાત કરતા કહ્યું રાજદ્વારી દ્વારા તમામ મુદ્દાઓનું નિરાકરણ લાવવુ જોઇએ

નવીદિલ્હી, તા. ૧૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કતારના શેખ તમીમ બિન હમાદ અલ-થાની સાથે વાત કરી અને દોહામાં થયેલા હુમલાઓ પર ઊંડી ચિંતા વ્યક્ત કરી. તેમણે કતાર રાજ્યની સાર્વભૌમત્વના ઉલ્લંઘનની નિંદા કરી. પ્રધાનમંત્રી મોદીએ વાતચીત અને રાજદ્વારી દ્વારા તમામ મુદ્દાઓનું નિરાકરણ લાવવા અને તણાવ વધારવાનું ટાળવા હાકલ કરી. પ્રધાનમંત્રી મોદીએ કતારના શેખ સાથેની વાતચીતમાં આતંકવાદ સામે ભારતના મક્કમ વલણ પર પ્રકાશ પાડ્યો અને આતંકવાદી ઘટનાઓની નિંદા કરી. વાતચીત દરમિયાન, બંને નેતાઓએ પરસ્પર હિતના તમામ ક્ષેત્રોમાં ભારત-કતાર વ્યૂહાત્મક ભાગીદારીને વધુ આગળ વધારવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગાઝામાં યુદ્ધવિરામ માટે મધ્યસ્થી પ્રયાસો અને તમામ બંધકોને મુક્ત કરવા સહિત પ્રાદેશિક શાંતિ અને સ્થિરતાને પ્રોત્સાહન આપવામાં કતાર દ્વારા ભજવવામાં આવેલી ભૂમિકાની પ્રશંસા કરી. પ્રધાનમંત્રીએ સંવાદ અને રાજદ્વારી દ્વારા તમામ મુદ્દાઓનું નિરાકરણ લાવવા અને તણાવમાં વધારો ટાળવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે ભાર મૂક્યો કે ભારત પ્રદેશમાં શાંતિ અને સ્થિરતા અને તેના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓમાં આતંકવાદ સામે મજબૂત રીતે ઉભું છે. શેખ તમીમે કતારના લોકો અને રાજ્ય સાથે એકતા વ્યક્ત કરવા બદલ પ્રધાનમંત્રી મોદીનો આભાર માન્યો. બંને નેતાઓએ ભારત-કતાર વ્યૂહાત્મક ભાગીદારીમાં સતત પ્રગતિ પર સંતોષ વ્યક્ત કર્યો અને પરસ્પર હિતના તમામ ક્ષેત્રોમાં



દ્વિપક્ષીય સહયોગને વધુ આગળ વધારવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. તેઓ ગાઢ સંપર્કમાં રહેવા સંમત થયા.

પીએમએ લખ્યું, કતારના અમીર શેખ તમીમ બિન હમાદ અલ-થાની સાથે વાત કરી અને દોહામાં થયેલા હુમલાઓ પર ઊંડી ચિંતા વ્યક્ત કરી. ભારત આ ઘટનાની નિંદા કરે છે જે ભાઈચારો ધરાવતા કતારની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન કરે છે. અમે વાતચીત અને રાજદ્વારી દ્વારા સમસ્યાઓના ઉકેલને સમર્થન આપીએ છીએ અને પ્રદેશમાં શાંતિ અને સ્થિરતાના પક્ષમાં છીએ.

# કેનેડા જવાનું ભારતીયોનું સપનું રોળાયું

## ૮૦% વિદ્યાર્થી વિઝા અરજીઓ નકારી કાઢી : ભારતીય વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થી વિઝા અસ્વીકાર દર આસમાને પહોંચવા લાગ્યો

નવીદિલ્હી, તા. ૧૦

શું તમે કેનેડામાં અભ્યાસ કરવાનું વિચારી રહ્યા છો? જો તમારો જવાબ હા છે, તો તમારા માટે ખરાબ સમાચાર છે. કેનેડામાં ભારતીય વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થી વિઝા અસ્વીકાર દર આસમાને પહોંચવા લાગ્યો છે. ઇમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (ઈર્ઇઈ) અનુસાર, ૨૦૨૫ માં, કેનેડાએ ભારતીય વિદ્યાર્થીઓની ૮૦% વિદ્યાર્થી વિઝા અરજીઓ નકારી કાઢી છે. વિદ્યાર્થી વિઝાનો આ અસ્વીકાર દર છેલ્લા દાયકામાં સૌથી વધુ છે. એશિયન અને આફ્રિકન દેશોના વિદ્યાર્થીઓ પણ આવી જ રીતે પ્રભાવિત થયા છે. ઈર્ઇઈ ના ડેટા જોતાં એવું લાગે છે કે કેનેડા ઇચ્છતું નથી કે ભારતીય વિદ્યાર્થીઓ ત્યાં અભ્યાસ કરવા આવે. કેનેડામાં વિદેશી વિદ્યાર્થીઓમાં ભારતીયો સૌથી વધુ છે. વિદ્યાર્થી વિઝા અસ્વીકાર દરની અસર પ્રવેશના આંકડા પર પણ દેખાય છે. કેનેડિયન સરકાર દ્વારા રજૂ કરાયેલા ડેટા અનુસાર, ૨૦૨૪ માં ફક્ત ૧.૮૮ લાખ ભારતીય વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. બે વર્ષ પહેલાં આ સંખ્યા બમણી હતી. ભારતીય વિદ્યાર્થીઓમાં કેનેડામાં અભ્યાસ કરવાની પ્રાથમિકતા પણ સતત ઘટી રહી છે. કેનેડામાં મકાનોની અછત




છે, માળખાગત સુવિધાઓ પર દબાણ વધી રહ્યું છે અને સ્થાનિક રાજકારણીઓ વિદેશીઓની સંખ્યા ઘટાડવાની માંગ કરી રહ્યા છે. આ ત્રણ કારણોને કારણે વિઝા રિજેક્શન વધ્યું છે. આ ઉપરાંત, વિઝા રિજેક્શન રેટમાં વધારા પાછળ એક નવો નિયમ પણ છે. હવે વિદ્યાર્થીઓએ અહીં અભ્યાસ કરવા માટે વધુ બચત હોવાનો પુરાવો બતાવવો પડશે. હવે તેમને ૨૦ હજાર કેનેડિયન ડોલરથી વધુ હોય તો જ વિદ્યાર્થી વિઝા આપવામાં આવી રહ્યા છે. જે વિદ્યાર્થીઓ આ શરત પૂરી કરી શકતા નથી તેમને વિઝા મળી રહ્યા નથી.

કેનેડા સરકારે ૨૦૨૫ માં ફક્ત ૪,૩૭,૦૦૦ અભ્યાસ પરમિટ આપવાનું લક્ષ્ય રાખ્યું છે, જે ગયા વર્ષ કરતા ૧૦% ઓછું છે. આમાંથી ૭૩,૦૦૦ અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે છે, જ્યારે ૨,૪૩,૦૦૦ અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને આપવામાં આવશે. આ ઉપરાંત, ૧.૨૦ લાખ અભ્યાસ પરમિટ નવીકરણ અને શાળાના વિદ્યાર્થીઓ માટે અનામત રાખવામાં આવી છે. અભ્યાસ પરમિટની સંખ્યામાં ઘટાડો કર્યા પછી, કેનેડાએ દસ્તાવેજોની કડક તપાસ પણ શરૂ કરી છે, જેના કારણે ઘણા વિદ્યાર્થીઓની વિઝા અરજીઓ નકારી કાઢવામાં આવી રહી છે.

# મહિલાઓ પોતાની મરજીથી કરી શકશે રાતપાલી

## કારખાના ધારા વિધેયક-૨૦૨૫ વિધાનસભા ગૃહમાં પસાર : નવી જોગવાઈ મુજબ વિરામ સાથે રોજના ૧૨ કલાક પરંતુ સપ્તાહના માત્ર ૪૮ કલાક જ કામ કરવાની મંજૂરી આપી શકશે

રાજકોટ, તા. ૧૦

શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપુતે વિધાનસભા ગૃહમાં કારખાના ધારા (ગુજરાત સુધારા) વિધેયક ૨૦૨૫ રજુ કરતા કહ્યું હતું કે, રાજ્યમાં આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપવા, રાષ્ટ્રીય હિતમાં નવા ઔદ્યોગિક એકમોમાં રોકાણ આકર્ષવું અને રાજ્યમાં વધુ રોજગારી ઉભી કરવા માટે કારખાનાઓને યોગ્ય રાહતો આપવાની સાથે-સાથે શ્રમિકોના હિતનું રક્ષણ કરવામાં આવશે. ખાસ કારખાના જૂથને અથવા વર્ગને દૈનિક કામના કલાકો તથા ઓવરટાઇમના કલાકોની સંખ્યામાં ફેરફાર કરવાની અને રાત્રીપાળીમાં મહિલા શ્રમયોગીઓને કામે રાખવાની પરવાનગી આપવાની સત્તા ગુજરાત સરકારને પ્રાપ્ત થાય તેવી જોગવાઇ કરવાનો આ વિધેયકનો મુખ્ય ઉદ્દેશ છે.

મંત્રી રાજપુતે કહ્યું હતું કે, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં સરકારને જરૂરી લાગે તેવી શરતો-ખાસ કરીને મહિલા શ્રમયોગીઓની સલામતી અને સ્વાસ્થ્ય સંબંધી શરતોને ધ્યાને રાખીને આ અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરીને જ આવી મંજૂરી રાજ્ય સરકાર દ્વારા આપવામાં આપશે તેવી જોગવાઇ આ વિધેયકમાં કરવામાં આવી છે.

ગુજરાત છેલ્લા કેટલાક વર્ષોથી ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યુ છે. રાજ્યમાં અને દેશમાં નવા-નવા ઉદ્યોગો, નવી-નવી ટેકનોલોજી અને તેના થકી રાજ્યમાં અને દેશમાં આંતરરાજ્ય તેમજ આંતરરાષ્ટ્રીય મૂડીરોકાણનો પ્રવાહ સતત વધી રહ્યો છે.

રાજ્યના વિકાસમાં નારી શક્તિની ભાગીદારી મહત્વની છે. રાજ્યના યુવાનો તેમની કુશળતા અને કૌશલ્યનો ઉપયોગ કરીને આર્થિક રીતે પગભર થાય અને રાજ્યના આર્થિક વિકાસમાં તેઓનું યોગદાન આપી શકે તેવી તકોનું નિર્માણ તેમજ કામદારોના હિત જાળવવા સહિત રોજગારીનું સર્જન કરવા અને તેમને વધુને વધુ આર્થિક ફાયદો થાય તે અંગે રાજ્ય સરકાર દ્વારા પ્રયાસો થઇ રહ્યાં છે. પ્રસ્તાવિત વિધેયકમાં કારખાના ધારા-૧૯૪૮ ની કુલ-૬ કલમોમાં સુધારા સૂચવેલ છે. જેમાં કામના કલાકો, આરામનો સમય, કામનો કુલ સમયગાળો, ઓવરટાઇમ, ત્રણ મહિનાનો ઓવરટાઇમનો સમયગાળો અને મહિલા શ્રમયોગીઓ માટે રાત્રી પાળીમાં કામ કરવાની બાબતનો સમાવેશ થાય છે.

હાલની જોગવાઈ મુજબ મહિલા શ્રમયોગીઓ પાસેથી સવારના ૦૬.૦૦ થી સાંજના ૦૭.૦૦ વાગ્યા સિવાયના કલાકોમાં કામ લઇ શકાતુ નથી. આ કલમ હેઠળની અન્ય જોગવાઇ મુજબ, ઉકત સમયગાળા સિવાયના કલાકોમાં મહિલા શ્રમયોગીઓ પાસેથી કામ કરાવવા અંગે રાજય સરકાર સરકારી રાજપત્રમાં જાહેરનામુ બહાર પાડીને મંજુરી આપી શકે છે. વળી, રાત્રીના ૧૦.૦૦ થી સવારના ૦૫.૦૦ કલાકના સમયગાળા દરમ્યાન મહિલા શ્રમયોગીઓને કામે રાખી શકાય નહિ તેવી સ્પષ્ટતા પણ મંત્રી ગૃહમાં કરી હતી.

પરંતુ મંત્રીએ કહ્યું હતું કે, કારખાના ધારા, ૧૯૪૮માં મહિલા શ્રમયોગીઓને રાત્રી પાળીમાં કામે રાખવાની જોગવાઈ ન હોવા છતાં મહિલા શ્રમયોગીઓને સમાનતા, સ્વતંત્રતા, વ્યવસાય કરવાના અને આર્થિક ઉપાર્જન કરવાના બંધારણીય અધિકારને ધ્યાને લઈને ગુજરાત ન્યાયાલય દ્વારા આપવામાં આવેલ નિર્દેશોને કાયદાકીય સ્વરૂપ આપવા માટે પ્રસ્તાવિત વિધેયકમાં ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે.

તેમણે કહ્યું હતું કે, આ વિધેયકમાં જે કંઇ જોગવાઇઓ કરવામાં આવી છે. તેમાં સૌથી મહત્વની જોગવાઇ એ છે કે હવે મહિલા કામદારોને રાત્રી પાળીમાં તેમની સંમતિથી અને સંપૂર્ણ સલામત વાતાવરણમાં કામ કરવાની કાયદેસરની તક પ્રાપ્ત થશે.

બહેનો-દિકરીઓને રોજગારીની વધુને વધુ તક આપવામાં આવે, તેઓ આર્થિક કમાણી કરી શકે અને પગભર થઇ સ્વમાનભેર જીવી શકે તે માટે ૧૬ જેટલી શરતોએ મંજૂરી આપવા અંગેની જોગવાઇ પણ આ વિધેયકમાં કરવામાં આવી છે. રાત્રી પાળીમાં સ્વેચ્છાએ કામ કરતી મહિલા શ્રમિકોને તેના ઘર-કુટુંબ માટે દિવસ દરમિયાન સમય મળી રહેશે. આમ તે ગૃહીણી ની સાથે-સાથે ગૃહલક્ષ્મીની ભૂમિકા પણ અસરકારક રીતે ભજવી શકશે તેમ તેમણે ઉમેર્યુ હતું. અત્યાર સુધી રોજના ૯ કલાક લેખે અઠવાડીયામાં મહત્તમ ૪૮ કલાક કામ લેવાની કારખાના ધારામાં જોગવાઇ છે અને તેના કરતા વધારે સમય કામ કરે તો એટલે કે ઓવરટાઇમ કરે તો કામદારને ઓવરટાઇમ મળવાપાત્ર થાય છે. હવે રાજ્યમાં એવા ઘણા ઉદ્યોગો આવી રહ્યા છે કે જેઓને તેમની ઉત્પાદન પ્રક્રિયા સતત ચાલુ રાખવી પડતી હોય છે અને તો જ તેઓ તેમના ઉત્પાદનમાં પ્રોસેસ કે માલસામાન સંબંધી કોઇ નુકસાન વગર સારી રીતે ઉત્પાદન કરી શકે. આવા સંજોગોમાં વારંવાર શીફ્ટ બદલવાથી તેઓને ઉત્પાદનમાં કે ઉત્પાદનની ગુણવત્તામાં નુકસાન જાય એમ છે.



### ગાંધીનગર શહેર ખાતે ટાઉન હોલમાં વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ નિમિત્તે કાર્યક્રમ યોજાયો

# નિરાશાઓ વચ્ચે ‘જીવન આસ્થા’ લોકોની આશાનું કિરણ

## સ્યુસાઇડ પ્રિવેન્શન એન્ડ મેન્ટલ હેલ્થ કાઉન્સેલીંગ માટે કાર્યરત હેલ્પલાઇન ‘જીવન આસ્થા’ માં માત્ર ગુજરાત જ નહીં અન્ય રાજ્યના લોકો પણ ફોન કરી મેળવે છે કાઉન્સિલિંગ

અમદાવાદ, તા. ૧૦

ગાંધીનગર શહેર ખાતે ટાઉન હોલમાં વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ ગુજરાત પોલીસની ’જીવન આસ્થા’ હેલ્પલાઇનની ૧૦ વર્ષની જ્વલંત સફળતાને બિરદાવી, હેલ્પલાઇનના સૌ કર્મચારીઓ, પોલીસ વિભાગના જવાનો અને અધિકારીઓ ઉપરાંત આ હેલ્પલાઇનની સેવામાં સદાય તત્પર રહેનાર મનોચિકિત્સકોને અભિનંદન પાઠવી તમામનું સન્માન કર્યુ હતું. તેમણે જણાવ્યું હતું કે, આ સ્પર્ધાત્મક યુગમાં લાખો નિરાશાઓની વચ્ચે ’જીવન આસ્થા’ ગુજરાતના લાખો લોકોના દિલમાં આશાનું કિરણ જગાવવાનું પવિત્ર કાર્ય કરી રહી છે.




આ હેલ્પલાઇનની સફળતાના ૧૦ વર્ષ અને રેકોર્ડબ્રેક કામગીરી અંગે મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ કે, ૧૦ સપ્ટેમ્બર ૨૦૧૫ના રોજ ગાંધીનગર જિલ્લા પોલીસે શરૂ કરેલી આ હેલ્પલાઇન આજે રાજ્યવ્યાપી બની છે. જેમાં હવે ગુજરાતથી જ નહિ, અન્ય રાજ્યોમાંથી પણ કોલ આવે છે અને તે નાગરિજોને પણ કાઉન્સેલીંગ કરી મૃત્યુના વિચારને મુળમાંથી નિકાળી નવી જિંદગી જીવવા બળ આપવામાં આવે છે. દસ વર્ષના કાર્યકાળમાં, આ હેલ્પલાઇન થકી દોઢ લાખથી વધુ કોલ એટેન્ડ કરવામાં આવ્યા છે, જે સમગ્ર દેશમાં સૌથી સારું કામ કરતી ગુજરાતની સૌથી મોટી હેલ્પલાઇનનો રેકોર્ડ છે. આ દોઢ લાખ માત્ર કોલ જ નથી, દોઢ લાખ પરિવારોના મોભી, પરિવારનો ચિરાગ કે પરિવારની લક્ષ્મીને બચાવી લઇને આ દોઢ લાખ પરિવારોની ખુશીને જીવંત રાખવાનું કાર્ય આ ટીમ દ્વારા કરવામાં આવ્યુ છે.

મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, સમગ્ર દેશમાં પ્રથમ રાજ્ય ગુજરાત હતું જેને આ પ્રકારના પ્રયાસ કરીને લોકોના જીવન બચાવવાનું કાર્ય કર્યું છે. જિંદગી ખતમ કરવાનું વિચારતા નિરાશ લોકોને જીવન તરફ પાછા વાળવાનું આ કાર્ય સૌથી મોટું પૂણ્યનું કાર્ય છે. ગુજરાત પોલીસના અનેક સારા કાર્યો પૈકી જો કોઈ સર્વશ્રેષ્ઠ કાર્ય હોય તો તે લોકોના જીવ બચાવવાનું છે. તણાવ અને હતાશામાં સપડાઈને કોઈ વ્યક્તિ ટ્રેન પાસે, કોઈ કેનાલ પાસે, કોઈ પંખે દુપટ્ટો બાંધી કે કોઈ હાથમાં પોઈઝનની શીશી લઈને જ્યારે આપઘાત કરવાનું મક્કમતાથી વિચારી બેઠી હોય ત્યારે આવી વ્યક્તિને માનસિક સપોર્ટ સાથે સાથે કાઉન્સિલિંગ અને અન્ય તમામ જરૂરી મદદ પૂરી પાડી તેમને મોતના મોંમાંથી પાછું લઈને આવું તેનાથી મોટું કોઈ કાર્ય હોય ન શકે.




સરકારના પ્રજાલક્ષી અભિગમના ભાગરૂપે આ હેલ્પલાઇન એક નિઃશુલ્ક સેવા છે. પોલીસ વિભાગ દ્વારા મનોવૈજ્ઞાનિક ક્ષેત્રે લાયકાત ધરાવતા યુવાનો અને યુવતીઓને નિમણૂક આપીને હતાશ નિરાશ લોકોને યોગ્ય કાઉન્સેલિંગ મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવે છે. મંત્રીશ્રીએ સ્પષ્ટ કહ્યુ કે સરકારના આવા પ્રયત્નોથી જો એક પણ વ્યક્તિનું જીવન બચી શકે છે, તો આ પ્રોજેક્ટ પાછળ ખર્ચેલા તમામ પૈસા સાર્થક ગણાય છે.

આ હેલ્પલાઇનમાં કોલ કરનારની ઓળખ અને સમસ્યા ગુપ્ત રાખવામાં આવે છે, જેથી લોકો નિઃસંકોચપણે પોતાની સમસ્યાઓ જણાવી શકે. તેમણે સૌને આત્મહત્યા નિવારણ અને માનસિક સ્વાસ્થ્ય માટે સહિયારા પ્રયાસો કરવા માટે કટિબદ્ધ થવા આહ્વાન કર્યું હતું. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યું હતું કે, ‘જીવન આસ્થા’ની ટીમ દ્વારા દરરોજ સરેરાશ ૪૦ થી ૫૦ ફોન કોલ્સ દ્વારા માનસિક સમસ્યાઓનો સામનો કરતા નાગરિકોને કાઉન્સેલિંગ પૂરું પાડવામાં આવે છે. ક્લિનિકલ સાયકોલોજીસ્ટ અને ગુજરાત પોલીસના સંકલનથી, ફોન અથવા રૂબરૂ કાઉન્સેલિંગ દ્વારા નાગરિકોને મદદ પૂરી પાડવામાં આવે છે. આ હેલ્પલાઇન હિન્દી, ગુજરાતી, અંગ્રેજી એમ ત્રણેય ભાષામાં કાઉન્સેલિંગ પુરૂ પાડી રહી છે. આ હેલ્પલાઈન દ્વારા અનેક નાગરિકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે.

# સરકારે ૨૦૦ પશુ દવાખાના સ્થાપવાની આપી મંજૂરી

## રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન કુલ ૨૫૫ નવા સ્થાયી પશુ દવાખાના સ્થપાયા

ગાંધીનગર, તા. ૧૦

ભારત ખેતીપ્રધાન દેશ છે એ વાત તો સાચી સામે સરકાર દ્વારા ટેકનોલોજીનો પણ સતત આવિષ્કાર કરવામાં આવી રહ્યો છે. ત્યારે આજે પણ ઘણા ખરા જિલ્લાઓ એવા છે કે જે આ પરંપરાગત ખેતીનો ઉપયોગ થતો હોય અને માલ ઢોરનો પણ ઉપયોગ થતો હોય ત્યારે ખેતીમાં હોવાના કારણે માલ ઢોરની એટલે કે પશુઓનું સ્વાસ્થ્ય બગડતું હોય છે ત્યારે યોગ્ય મેડિકલ સુવિધા ના અભાવના કારણે ઘણા પ્રશ્નો પણ ઊભા થતા હોય છે ત્યારે છેલ્લા ત્રણ વર્ષમાં ૨૦૦થી વધુ સ્થાયી પશુ દવાખાના સરકાર દ્વારા ઉભા કરવામાં આવ્યા અને હજુ વધુ ૨૦૦ દવાખાના ઉભા કરવા માટેની મંજૂરી પણ આપી દેવામાં આવી છે જેથી અપૂરતી વ્યવસ્થા અને સારવારના ભાવે કોઈ માલ ઢોરને નુકસાન ન પહોંચે.



વિધાનસભા ગૃહ ખાતે પશુપાલન મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ખેતીના પૂરક વ્યવસાય તરીકે સુપ્રસિદ્ધ પશુપાલન વ્યવસાયને મુખ્ય વ્યવસાય બનાવીને રાજ્યમાં દૂધ ઉત્પાદન વધારવા અને પશુપાલકોને સ્વનિર્ભર બનાવવા માટે ગુજરાત સરકાર દ્વારા તબક્કાવાર મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવી રહ્યા છે. જેના માટે પશુ સંવર્ધન અને પશુ આરોગ્ય સુવિધાના વિકાસને કેન્દ્ર સ્થાને રાખવામાં આવી રહ્યો છે.

પશુપાલન મંત્રીએ સભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં કહ્યું હતું કે, રાજ્યમાં પશુ આરોગ્ય સેવાને વધુ સુદ્રઢ બનાવવા છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૨૫૫ નવા સ્થાયી પશુ દવાખાનાની સ્થાપના કરવામાં આવી છે. સાથે જ, ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬માં પણ નવા ૨૦૦ સ્થાયી પશુ દવાખાના સ્થાપવા માટે મંજૂરી આપવામાં આવી છે.

છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના અબડાસા, નખત્રાણા, ભચાઉ, સમખિયારી, ભુજ, માંડવી, મુન્દ્રા અને લખપત તાલુકામાં મળી કચ્છમાં કુલ ૧૨ નવા સ્થાયી પશુ દવાખાના સ્થાપવાની મંજૂરી આપવામાં આવી છે. છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં રાજ્ય સરકારે ૩૭૩ પશુ આરોગ્ય મેળાનું આયોજન કરીને કુલ ૨.૨૪ લાખ પશુઓને યોગ્ય સારવાર આપી છે. હાલ કચ્છ જિલ્લામાં એક વેટરનરી પોલીટેકનીક, ૪૭ પશુ દવાખાના, ૨૯ પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર અને ૩૨ મોબાઈલ પશુ દવાખાના મળીને કુલ ૧૦૯ એકમો દ્વારા પશુઓને સારવાર આપવામાં આવી રહી છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.મંત્રી પટેલે વધુમાં કહ્યું હતું કે, ગુજરાતના કોઈપણ પશુપાલકને પોતાના પશુની સારવાર, રસીકરણ અને ખસીકરણ કરાવવા સહિતની તમામ સુવિધાઓ પોતાના ગામમાં અથવા ગામની નજીકમાં જ મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા સ્થાયી અને ફરતા પશુ દવાખાનાનો વ્યાપ સતત વધારવામાં આવી રહ્યો છે.

### રાજ્યના શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરીયાએ છેલ્લા બે વર્ષના આંકડા અંગે કરી ચર્ચા : અન્ય ઉચ્ચ અભ્યાસક્રમોમાં ૬૨૦ કરોડની અપાય છે સહાય

# ડિપ્લોમા ઈજનેરીના ૪૫૫૩ વિદ્યાર્થીઓને ૧૦.૨૫ કરોડની સહાય

ગાંધીનગર, તા. ૧૦

વિધાનસભા ગૃહમાં રાજ્યમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંગે પૂછાયેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું કે રાજ્યમાં ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમોમાં વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૮૪૭ વિદ્યાર્થીઓને રૂ. ૪.૨૦ કરોડની સહાય અને વર્ષ ૨૦૨૫-૨૬માં તા.૩૧ ઑગસ્ટ, ૨૦૨૫ની સ્થિતિએ ૨૭૦૬ વિદ્યાર્થીઓને રૂ. ૬.૦૫ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

આ અંગે વિગતો આપતાં પાનશેરિયાએ કહ્યું કે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના શિક્ષણ વિભાગના તા.૦૭/૧૦/૨૦૧૫ના ઠરાવથી અમલમાં આવી છે. જે અન્વયે ધોરણ-૧૦માં ૮૦ ટકા કે તેથી વધુ પર્સેન્ટાઇલ મેળવનારા, વાર્ષિક ૬ લાખ રૂપિયા સુધીની આવક ધરાવતા પરિવારોના સંતાનોને ડિપ્લોમા ઈજનેરીના અભ્યાસ માટે આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.



જે અંતર્ગત લાભાર્થી વિદ્યાર્થીને, ડિપ્લોમાના સ્વનિર્ભર અભ્યાસક્રમોની નિયત વાર્ષિક ટ્યુશન ફીની ૫૦ ટકા રકમ અથવા રૂ. ૨૫ હજાર, બેમાંથી જે ઓછું હોય તે દર વર્ષે મળવાપાત્ર થશે. ઉપરાંત, રહેઠાણના તાલુકાથી બહાર અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સરકારી કે અનુદાનિત હોસ્ટેલમાં પ્રવેશ ન મળ્યો હોય, તો વર્ષે ૧૦ મહિના માટે માસિક રૂ. ૧૨૦૦/- લેખે ત્રણ વર્ષ માટે રહેવા-જમવા પેટે તેમજ સાધન-પુસ્તક સહાય પેટે પ્રથમ વર્ષે ત્રણ હજાર રૂપિયાની સહાય એક વખત આપવામાં આવે છે.

વધુમાં, મંત્રીએ જણાવ્યું કે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ડિપ્લોમા ઈજનેરી સિવાય મેડિકલ, ટેકનિકલ ડિગ્રી, આયુર્વેદ, ઉચ્ચ શિક્ષણ, નર્સિંગ, વેટરનરી અને એગ્રિકલ્ચર અભ્યાસક્રમોમાં પણ સહાય આપવામાં આવે છે. જે અંતર્ગત, વર્ષ ૨૦૨૪-૨૫માં ૬૫,૦૫૬ વિદ્યાર્થીઓને રૂ. ૩૬૫.૮૭ કરોડ, જ્યારે વર્ષ ૨૦૨૫-૨૬માં તા. ૩૧ ઑગસ્ટ, ૨૦૨૫ સુધીમાં ૫૧,૯૩૩ વિદ્યાર્થીઓને રૂ. ૨૫૪.૩૫ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

આ યોજનાના રિન્યૂઅલનો લાભ મેળવવાની લાયકાત વિશે શ્રી પાનશેરિયાએ કહ્યું કે આ યોજના અંતર્ગત રિન્યૂઅલ સહાય મેળવવા માટે અગાઉના વર્ષે પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦ ટકા માર્ક્સ સાથે ઉત્તીર્ણ અને શૈક્ષણિક વર્ષમાં ઓછામાં ઓછી ૭૫ ટકા હાજરી હોવી જરૂરી છે. વધુમાં, ડિપ્લોમા ટુ ડિગ્રીમાં ૬૫ ટકા કરતાં ઓછા ટકા હોય, બે કે વધુ પ્રયાસથી ATKT ક્લિયર કરી ન હોય, મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાની(CMSS)સાથે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના(MYSY) સિવાય રાજ્ય સરકારની અન્ય કોઈ યોજનાનો લાભ લીધો હોય, સમય મર્યાદામાં પૂરતા ડોક્યુમેન્ટ રજૂ કર્યા ન હોય, સરકારી/ગ્રાન્ટ-ઈન-એઇડ કોલેજમાં પ્રવેશ મેળવ્યો હોય, ટ્યુશન ફી વેઈવરમાં એડમિશન મળ્યું હોય અથવા ફેક દસ્તાવેજો અપલોડ કર્યા હોય તેવા કિસ્સામાં આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેતો નથી તેમ તેમણે ઉમેર્યું હતું.

### ખેડૂતોના હિત માટે રાજ્ય સરકારનો ઉદાર અભિગમ

# ખેત સાધનોની ખરીદી માટેની સમયમર્યાદા લંબાવાઈ

## જગતના તાતને નવા GST દરનો લાભ મળી રહે તે માટે સમય મર્યાદા ૩૦ દિવસ લંબાવી : ખેડૂતોને થશે ૪૫,૦૦૦ સુધીનો ફાયદો : રાસાયણિક ખાતર બનાવવા એમોનિયા અને સલ્ફ્યુરિક એસિડ પરના ૧૮ ટકા GST દરને પણ ૫ ટકા કરાયો

રાજકોટ, તા. ૧૦

વિધાનસભા ખાતે જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ભારત સરકાર દ્વારા કરાયેલા જી.એસ.ટી રીફોર્મ્સથી કૃષિ ક્ષેત્રને ખૂબ જ મોટી રાહત મળી છે.કૃષિ માટે સૌથી મહત્વપૂર્ણ સાધન એટલે ટ્રેક્ટર પર લેવામાં આવતા ૧૨ ટકા તેમજ ટ્રેક્ટરના ટાયર્સ અને અન્ય પાર્ટ્સ પર લેવામાં આવતા ૧૮ ટકા જીએસટી દરને ઘટાડી હવે ૫ ટકા કરવામાં આવ્યો છે. જેના પરિણામે ટ્રેક્ટરની કિંમતમાં મોટો ઘટાડો થશે. આ નિર્ણયથી ખેડૂતોને ટ્રેક્ટર ખરીદી માટે રાજ્ય સરકારની રૂ. ૧,૦૦,૦૦૦ સબસીડી ઉપરાંત અંદાજીત બીજા રૂ. ૩૫ થી ૪૫ હજાર જેટલો ફાયદો થશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

કૃષિ મંત્રીએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં કૃષિ યાંત્રિકીકરણને પ્રોત્સાહન આપવા ખેડૂતોને ટ્રેક્ટર સહિતના બીજા કૃષિ સાધનો માટે સહાય આપવામાં આવે છે. નવા જીએસટી રિફોર્મ્સથી કૃષિ યાંત્રિકીકરણના સાધનોની ખરીદી પર ખેડૂતોને મોટો લાભ થશે. ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલા જીએસટીના નવા દર પ્રથમ નવરાત્રી એટલે કે તા. ૨૨ સપ્ટેમ્બરથી અમલમાં આવશે. જેથી રાજ્યની કૃષિ યાંત્રિકીકરણ યોજના હેઠળ સહાય મેળવતા મહત્તમ ખેડૂતોને જીએસટીના નવા દરનો પણ લાભ મળે તે માટે રાજ્ય સરકારે ખેડૂત હિતલક્ષી નિર્ણય કર્યો છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

નિર્ણય અંગે વિગતવાર માહિતી આપતા મંત્રી પટેલે કહ્યું હતું કે, કૃષિ યાંત્રીકીકરણ યોજનાઓ હેઠળ રાજ્યના કેટલાક ખેડૂતોને ટ્રેક્ટર અને ખેત ઓજારો/સાધનોની ખરીદી માટે મંજૂરી આપવામાં આવેલી છે. જેમાં કેટલાક ખેડૂતો માટે કૃષિ સાધનો ખરીદીની સમય મર્યાદા આગામી તા. ૨૨ સપ્ટેમ્બર પહેલા પૂર્ણ થવામાં છે અથવા પૂર્ણ થઈ ગઈ છે. આવા ખેડૂતોને પણ નવા જીએસટી દરનો લાભ મળે તે માટે ખરીદીની સમય મર્યાદાને તા. ૨૨ સપ્ટેમ્બરથી અગામી ૩૦ દિવસ સુધી લંબાવવામાં આવી છે.

રાજ્ય સરકારના આ મહત્વપૂર્ણ નિર્ણયથી ગુજરાતના અંદાજે એક લાખ જેટલા ખેડૂતોને ખરીદીની તક મળવા સાથે જીએસટી દરમાં સુધારાનો મહત્તમ ૩૫ થી ૪૫ હજાર જેટલો નાણાકીય લાભ થશે, તેમ તેમણે ઉમેર્યું હતું. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, કૃષિ યાંત્રિકીકરણ માટે વપરાતા વિવિધ સાધનો અને ઓજારો પર અગાઉ લેવામાં આવતો ૧૨ ટકા જીએસટી તેમજ સિંચાઈ ક્ષેત્રે સૂક્ષ્મ પિયત પદ્ધતિ માટેના જરૂરી ડ્રીપ અને સ્પ્રિંકલર સાધનો પરના ૧૨ ટકા જીએસટી દરને ઘટાડીને ૫ ટકા કરવામાં આવ્યો છે. જેના કારણે કૃષિ ઓજારો અને સિંચાઈના સાધનોના ભાવોમાં ઘટાડો થશે.

તેવી જ રીતે, સૂક્ષ્મ પોષક તત્વો અને જૈવિક જંતુનાશક દવાઓ પર પણ અગાઉ લેવામાં આવતા ૧૨ ટકા જીએસટી દર તેમજ રાસાયણિક ખાતર બનાવવા માટે જરૂરી એમોનિયાઅને સલ્ફયુરિક એસિડ પર લેવામાં આવતા ૧૮ ટકા જીએસટી દરને પણ સુધારીને માત્ર ૫ ટકા કરવામાં આવ્યો છે. જેથી ઘરઆંગણે રાસાયણિક ખાતરના ઉત્પાદનને વેગ મળશે અને ખેડૂતોને સમયસર અને પૂરતા જથ્થામાંખાતર ઉપલબ્ધ કરાવવામાં સરળતા પ્રાપ્ત થશે, તેમ તેમણે ઉમેર્યું હતું.



# સ્વચ્છ વાયુ સર્વેક્ષણમાં રાજકોટ ૧૫માં સ્થાને

## દેશભરમાં ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતા ૪૮ શહેરો : રાજકોટની હવામાં PM ૧૦ સ્તરમાં ૪૦%નો નોંધપાત્ર ઘટાડો

રાજકોટ, તા. ૧૦

મીનીસ્ટ્રી ઓફ એન્વાયરમેન્ટ, ફોરેસ્ટ એન્ડ કલાઈમેટ ચેન્જનું મંત્રાલય, દિલ્હી દ્વારા હાથ ધરાયેલા સ્વચ્છ વાયુ સર્વેક્ષણ-૨૦૨૫નું પરિણામ આવ્યું છે જેમાં રાજકોટનો ૧૫ મો નંબર આવ્યો છે એટલું જ નહીં શહેરની હવામાં PM ૧૦ સ્તરમાં ૪૦%નો નોંધપાત્ર ઘટાડો. હવાની ગુણવત્તાની ચકાસણી કરવા માટેના ઓટોમેટિક યંત્ર Continuous Ambient Air Quality Monitoring Station (CAAQMS)નું આજરોજ મવડીમાં આવેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે નું ઉદઘાટન કરવામાં આવશે.

નેશનલ એર ક્લીન પ્રોગ્રામ અંતર્ગત મીનીસ્ટ્રી ઓફ એન્વાયરમેન્ટ, ફોરેસ્ટ એન્ડ કલાઈમેટ ચેન્જ મંત્રાલય, દિલ્હી દ્વારા કરાયેલા સ્વચ્છ વાયુ સર્વેક્ષણ-૨૦૨૫માં, સમગ્ર ભારતમાં ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતા ૪૮ શહેરોમાં રાજકોટએ ૧૫મો ક્રમ મેળવ્યો. વર્ષ-૨૦૨૪માં રાજકોટ ૧૯માં ક્રમે હતું, જ્યારે વર્ષ-૨૦૨૫માં રાજકોટ શહેરએ ૧૫મો ક્રમ પ્રાપ્ત થયેલ છે.

છેલ્લા ચાર વર્ષોમાં રાજકોટની ડ્ઢખ ૧૦ સ્તરમાં ૪૦%નો નોંધપાત્ર ઘટાડો થયેલ છે, જે ૧૫૦ Ng/mLથી ઘટીને ૮૯ Ng/mL થયું છે.



(PM ૧૦નો અર્થ છે નાના ધૂળના રજકણો જે ફેફસાંની અંદર ઊંડે સુધી પહોંચી શકે છે.)

આ સફર ઘણા મહત્વપૂર્ણ નવીનતા અને નાગરિક-કેન્દ્રિત હસ્તક્ષેપોથી નિર્ધારિત રહી છે. રાજકોટમાં તેના મોનિટરિંગ નેટવર્કને મજબૂત બનાવ્યું છે. ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ મવડીમાં આવેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે Continuous Ambient Air Quality Monitoring Stationનું ઉદઘાટન કરવામાં આવશે, તદઉપરાંત રાજકોટમાં ૫ મેન્યુઅલ મશીનો હવાની ગુણવત્તા મોનિટર કરે છે. આ મશીન નેટવર્ક હવાની ગુણવતા માટે વૈજ્ઞાનિક માહિતી પૂરું પાડે છે.

નાકરાવાડી ડમ્પસાઈટ ખાતે ૩૫ એકર જમીનમાં મિયાવાકી જંગલ વિકસાવ્યું છે. ઉપરોક્ત આ જગ્યામાં કમ્પોસ્ટ ખાતરનો ઉપયોગ કરી વૃક્ષોના વાવેતર માટે યોગ્ય બનાવીને તેનો પુનઃઉપયોગ કર્યો. રાજકોટની નાકરાવાડી ડમ્પસાઈટ તથા જાહેર સ્થળોએ ૬.૯૫ લાખથી વધુ વૃક્ષો વાવવામાં આવ્યા છે, જે હરિયાળી અને સ્થિતિ સ્થાપકતા વધારવામાં મદદ કરે છે.

જાહેર પરિવહનમાં સૌથી મોટો બદલાવ આવ્યો છે, ઈલેક્ટ્રિક અને CNG બસોની શરૂઆત સાથે. દર મહિને ૧૫ લાખથી વધુ નાગરિકોઆ સ્વચ્છ પરિવહનનો ઉપયોગ કરે છે. હાલ શહેર પાસે ૧૨૫ ઈ-બસો અને ૧૦૦ CNG બસો, સાથે ૩ સ્ટેશનો ખાતે ૧૧૦ ચાર્જીગ પોઈન્ટ ઉપલબ્ધ છે.

રાજકોટનુ સ્વચ્છ વાયુ સર્વેક્ષણમાં સુધારેલું સ્થાન માત્ર આંકડો નથી તે છે શહેરની એવી કહાની, જેણે નવીનતા, જવાબદારી અને નાગરિક સહભાગિતાને અપનાવીને સ્વચ્છ હવા સર્જી છે. ઘનિષ્ઠ વૃક્ષારોપણ, દરેક સ્વચ્છ બસ, દરેક પેવર રોડ અને દરેક નાગરિકોના પ્રયત્ન રાજકોટને વિશ્વાસપૂર્વક આગળ ધપાવી રહ્યો છે, એક સ્વસ્થ અને સ્થિતિ સ્થાપક ભવિષ્ય તરફ.

### અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા કુલપતિને કરાઈ લેખિત રજૂઆત

# BSC સેમ ૩ના ૬૭ વિદ્યાર્થીઓ એક જ વિષયમાં નાપાસ થતાં હોબાળો



રાજકોટ, તા. ૧૦

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સમયાંતરે અનેકવિધ વિવાદોમાં સપડાતી હોય છે ત્યારે અગાઉ પણ અનેકવિધ પ્રકારે યુનિવર્સિટીમાં વિરોધ નોંધાવવામાં આવેલો છે વિદ્યાર્થી સંગઠન દ્વારા ત્યારે હવે જોવાનું એ રહ્યું કે શું સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની શાન ઠેકાણે આવશે કે કેમ ? બીજી તરફ સૌથી મહત્વની વાત તો એ છે કે હાલ બીએસસી સેમિસ્ટર ત્રણનું પરિણામ યુનિવર્સિટી દ્વારા જાહેર કરવામાં આવ્યું જેમાં એક સાથે ૬૭ વિદ્યાર્થીઓ નાપાસ થતાં અરેરાટી વ્યાપી ઉઠી છે પાછી જોવાની ખૂબી એ છે કે આજે વિદ્યાર્થીઓ નાપાસ થયા તે એક જ વિષયમાં નાપાસ થયા છે અને તે વિષય પણ બધાનો સરખો જ છે ત્યારે પરીક્ષાના પરિણામમાં કંઈક ગોટો થયો હોવાનું જણાતા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના સભ્યોએ લેખિત રજૂઆત કુલ પતિને કરી હતી અને યોગ્ય તપાસ કરવા જણાવવામાં આવ્યું હતું. એટલું જ નહીં જો કોઈ પણ ટેકનિકલ ખામી બહાર આવે તો ફરીથી તે પેપરને રીચેક કરવાની પણ માંગણી કરી છે.

સૌરાષ્ટ્ર યુનિ. દ્વારા બીએસસી સેમ-૩ના ૬૭ વિદ્યાર્થીઓને એક જ વિષયમાં નાપાસ કરાતા વિદ્યાર્થી ઓમાં દેકારો બોલી જવા પામેલ છે. આ મામલે ગઈકાલે અખીલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા સૌરાષ્ટ્ર યુનિ.ના કુલપતિને આવેદનપત્ર સુપ્રત કરી રજૂઆત કરવામાં આવી હતી. આગામી સમયમાં આ પ્રકારની ભૂલ ન થાય તે પણ જોવું એટલું જરૂરી છે કારણ કે વિદ્યાર્થીઓ નું ભાવી તેના પરિણામ ઉપર જ નિર્ભર રહેતું હોય છે ત્યારે જો આ પ્રકારની કોઈપણ પ્રક્રિયા હાથ ધરવામાં આવેલી હોય અથવા તો કોઈ અન્ય પ્રશ્ન પરીક્ષાને લઈ ઉભો થાય તો વિદ્યાર્થીઓ હતાશ થઈ જાય છે ત્યારે તેમના આ વર્તનને ધ્યાને લઈ આગામી સમયમાં અન્ય કોઈ પ્રશ્ન ઊભા ન થાય તે માટેની તકેદારી પણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ રાખવી જરૂરી છે.

અખીલ ભારતીય વિદ્યાર્થી પરિષદના હોદેદારોએ આ અંગે જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલા બીએસસી સેમ-૩ના એક સાથે ૬૭ વિદ્યાર્થીઓને એક જ વિષયમાં નાપાસ કરવામાં આવેલ છે. આ વિદ્યાર્થી ઓના પેપરની ફરી તપાસણી કરવા માટે માંગણી ઉઠાવવામાં આવી હતી.

યુનિવર્સિટીના પરીક્ષા વિભાગના સોફટવેરની ખામીના કારણે આ વિદ્યાર્થીઓને નાપાસ કરાતા તેઓનું શૈક્ષણિક ભાવિ ડામાડોલ બની જવા પામેલ છે.

જો સોફટવેરની ખામીના કારણે આ વિદ્યાર્થીઓ નાપાસ કરાયા હોય તો ફરીથી રી-ચેકિંગ કરવામાં આવે તે જરૂરી છે. આ નાપાસ કરાયેલા તમામ વિદ્યાર્થીઓ કોટક સાયન્સ કોલેજના છે. આ બાબતે જો વિદ્યાર્થી હિતલક્ષી નિર્ણય નહીં લેવાય તો આગામી સમયમાં વિદ્યાર્થી પરીષદ દ્વારા વીસી ચેમ્બરનો ઘેરાવ કરી લડતના મંડાણ કરાશે તેવી પણ તેઓએ ચેતવણી ઉચ્ચારી હતી.

# સરદાર વલ્લભભાઈ પટેલ ચેર દ્વારા કાર્યક્રમ

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજિત આ કાર્યક્રમની થીમ સેલિબ્રિટીંગ ધ આઈડિયલ્સ ઓફ પટેલ

રાજકોટ, તા. ૩

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સરદાર વલ્લભભાઈ પટેલ ચેર દ્વારા સરદાર વલ્લભભાઇ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે વિશાળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ ગુરુવાર, ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ બપોરે ૨:૦૦ વાગ્યાથી પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ, રૈયા રોડ, રાજકોટ ખાતે યોજાશે. બિલ્ડિંગ બોન્ડ, બિલ્ડિંગ નેશનઃ સેલિબ્રેટિંગ ધ આઈડિયાલ્સ ઓફ સરદાર પટેલ થીમ હેઠળ આયોજિત આ સમારોહનો હેતુ દેશના લોહપુરુષના રાષ્ટ્ર એકતા, એકીકરણ અને સારા શાસન પ્રત્યેના જીવનભરના યોગદાનને સ્મરણ કરવાનો છે.






આ પ્રસંગે ડો. મનસુખભાઇ માંડવિયા, માનનીય કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા અને રમતગમત મંત્રી, ભારત સરકાર મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે. સાથે જ પરષોત્તમભાઈ રૂપાલા (સાંસદ, લોકસભા), રામભાઇ મોકરિયા (સાંસદ, રાજ્યસભા), રમેશભાઇ ટિલાળા (ધારાસભ્ય), ડો. દર્શિતાબેન શાહ (ધારાસભ્ય), ઉદયભાઇ કાનગડ (ધારાસભ્ય), નયનાબેન પેઢડિયા (માન. મેયર, રાજકોટ મહાનગર પાલિકા) અને ડો. માધવભાઇ દવે (પ્રમુખ, રાજકોટ શહેર ભાજપ) સહિતના અનેક માનનીય મહાનુભાવો વિશિષ્ટ અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. તેમની ઉપસ્થિતિ આ ઉજવણીને વધુ ગૌરવશાળી અને પ્રેરણાદાયી બનાવશે.

આ કાર્યક્રમનું આયોજન પ્રો. ઉત્પલભાઇ જોષી, માનનીય કુલપતિ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના માર્ગદર્શન હેઠળ તેમજ ડો. રમેશભાઇ પરમાર (રજિસ્ટ્રાર) અને પ્રો. રમેશભાઇ કોઠારી (ચેરમેન, શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ ચેર) ના સહયોગથી કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં નીતિનિર્ધારકો, શિક્ષણ જગત તથા જનસામાન્યને એક સાથે લાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, જેથી સરદાર પટેલના વિચારો અને મૂલ્યોને પુનઃસ્મરણ કરી નવી પેઢીને એકતા, બહાદુરી અને જાહેરસેવા પ્રત્યેની તેમની દ્દષ્ટિથી પ્રેરણા મળે.

આ ઉજવણી માત્ર તેમના રાજકીય અને ઐતિહાસિક યોગદાનનો જ સ્મરણ કરાવશે નહીં પરંતુ આજના સમયમાં સારું શાસન, વિકાસ અને સામાજિક સુમેળ માટે તેમના વિચારોની અગત્યતા પર પણ પ્રકાશ પાથરશે. રાજકોટ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી મળીને આ વિશિષ્ટ અવસર ઉજવશે, જે ભારતને વધુ મજબૂત અને એકતાશીલ રાષ્ટ્ર બનાવવા માટે સરદાર પટેલની આત્મા અને વિચારધારા સતત માર્ગદર્શક છે તેનો પુનઃસંદેશ આપશે.

# રવિવારે રેવન્યુ તલાટીની પરીક્ષા

## ૧૬૨ કેન્દ્રો પર સ્પર્ધાત્મક પરીક્ષામાં ૪૯,૦૨૭ ઉમેદવારો બેસશે : તૈયારીઓ પૂર્ણ

રાજકોટ, તા. ૧૦

આગામી રવિવારના રોજ યુનિયન પબ્લિક સર્વિસ કમિશનની નેશનલ ડિફેન્સ એકેડેમી સહિતની વધુ એક પરીક્ષાનું આયોજન કરવામાં આવેલું છે ત્યારે એ જ દિવસે રેવન્યુ તલાટીની પણ સ્પર્ધાત્મક પરીક્ષા યોજવાની છે જે માટેનો સમય બપોરે બે થી પાંચનો નક્કી કરવામાં આવેલો છે ત્યારે આ પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ દેવામાં આવ્યો છે. રાજકોટમાં આ પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં લેવાય તે માટે જિલ્લા કલેક્ટર ડો.ઓમપ્રકાશના માર્ગદર્શન હેઠળ તૈયારીઓને આખરીઓપ આપી દેવામાં આવેલ છે.



રાજકોટ વિસ્તારમાં ૧૬૨ કેન્દ્રો પરથી આ સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવનાર છે. ૪૯,૦૨૭ ઉમેદવારો પરીક્ષામાં બેસનાર હોય એસટી બસ સર્વિસ રવિવારના દિવસે સમયસર દોડે તે માટે વહીવટી તંત્ર દ્વારા એસટી વિભાગને સુચના દેવામાં આવેલ છે.

આ પરીક્ષા દરમ્યાન તમામ મામલતદારો અને ડે.કલેકટરોને વિશેષ ફરજ સોપવામાં આવી છે. તેની સાથોસાથ જીલ્લા શિક્ષણાધિકારી પટેલને પણ આ સ્પર્ધાત્મક કસોટીમાં સુપરવિઝનની ફરજ સોંપવામાં આવી છે. પરીક્ષા દરમ્યાન ચોરી અને ગેરરીતિના બનાવોને ડામવા માટે ખાસ પ્રબંધો કરવામાં આવેલ છે. આ ઉપરાંત પરીક્ષા કેન્દ્રોના પરીક્ષા ખંડોમાં મોબાઈલ સહિતના ઈલે. ઉપકરણો લઈ જવા પર પ્રતિબંધ ફરમાવી દેવામાં આવેલ છે. મહેસુલી તલાટીની આ સ્પર્ધાત્મક કસોટી રાજકોટ ઉપરાંત રાજયભરના નિયત કરાયેલા કેન્દ્રો પરથી લેવામાં આવનાર હોય વહીવટી તંત્ર સાબદુ બની ગયું છે. પરીક્ષા કેન્દ્રો પર જરૂરી પોલીસ બંદોબસ્ત પણ મુકવામાં આવનાર છે. જીલ્લા શિક્ષણાધિકારી પટેલ દ્વારા આ પરીક્ષા સુચારૂ રૂપથી લેવાય તે માટેની તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

# કેલ્શિયમ, ડાયાબિટીસ જેવી જરૂરી દવાઓનો જથ્થો સિવિલમાં નહીંવત

## માંગવામાં આવેલી જરૂરી દવાઓનો જથ્થો હજુ પણ મળ્યો ન હોવાનું સિવિલના સૂત્રોનું કહેવું

રાજકોટ, તા. ૧૦

રાજકોટની તમામ સરકારી સંસ્થાઓમાં કંઈકને કંઈક પ્રશ્નો હતો જોવા મળી રહ્યા છે તેમાં પણ જ્યારે સિવિલ હોસ્પિટલની વાત આવે તો પ્રશ્ન એ ઉભો થાય કે દર્દીઓનું શું છેલ્લા ઘણા સમયથી જરૂરી દવાઓનો જથ્થો પણ હાલ સિવિલ હોસ્પિટલમાં ઉપલબ્ધ નથી અને અહીંથી તે દવાનો જથ્થો પણ મંગાવવામાં આવી રહ્યો છે ત્યારે જીએમએસસીએલ ગોડાઉનમાં થી હાલ જરૂરી જવાનો જથ્થો મંગાવવામાં આવતો હોય છે પરંતુ અત્યારે સિવિલ હોસ્પિટલમાં કેલ્શિયમ સહિતની જે જરૂરી દવાઓ છે તેનો જથ્થો ન હોવાના કારણે દર્દીઓએ હેરાન થવું પડે છે.







બીજી સૌથી મોટી વાત તો એ છે કે સૌરાષ્ટ્ર ભરના દર્દીઓ રાજકોટની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા હોય છે પરંતુ હાલ જે સ્થિતિ જોવા મળી રહી છે તે ઘણી ખરી ચોખા આવનારી છે જેને ધ્યાને લઈ સિવિલ હોસ્પિટલ રાજકોટમાં યોગ્ય વ્યવસ્થા ઉભી કરવી ખૂબ આવશ્યક અને જરૂરી બની છે જો આ અંગે કોઈ નક્કર પગલા લેવામાં નહીં આવે તો હજુ પણ ઘણી વિકટ સમસ્યાનો સામનો રાજકોટ સિવિલ એ કરવો પડશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી એમ પણ અહીં આવતા દર્દીઓ ખૂબ વધારે હેરાન થઈ રહ્યા છે. સિવિલ હોસ્પિટલના જાણકાર વર્તુળના જણાવ્યા અનુસાર સરકાર તરફથી આશરે ૧૩૦૦ થી વધુ દવાઓ સમયાંતરે અને જરૂરિયાત મુજબ રાજકોટ સિવિલને મળતી રહે છે અને છેલ્લા ઘણા સમયથી ૭૦૦ જેટલી દવાઓનો જથ્થો સિવિલ હોસ્પિટલમાં ઉપલબ્ધ પણ નથી ત્યારે આ દવાનો જથ્થો મંગાવવા માટેની કાર્યવાહી પણ અગાઉ કરવામાં આવી હતી પરંતુ હજુ સુધી કેલ્શિયમ, ઉધરસ, ડાયાબિટીસ કે ચામડીના રોગની દવાઓ હજુ સુધી મળી નથી અને તેની ભારે અછત સર્જાણી છે.

બીજી તરફ જીએમએસસીએલ ગોડાઉન જાણે ભગવાન ભરોસે હોય તેમ ગોડાઉનમાં છેલ્લા એક અઠવાડિયાથી દવાઓ ભરેલ ટ્રક વરસાદમાં પલળતા હોવાની વિગતો બહાર આવી છે ત્યારે સવાલ એ થાય છે કે ગોડાઉનમાં રહેલા કરોડો રૂપિયાની દવાના જથ્થાની જવાબદારી કોની? અધિકારી અને મેનેજરની હાજરી વિના શ્રમિકો દ્વારા દવાઓનો જથ્થો સપ્લાય થઇ રહી હોવાની વિગતો ચર્ચાતા આ બાબતે આરોગ્ય વિભાગના જવાબદાર અધિકારીઓ કડક કાર્યવાહી કરશે કે શું ? તેવા વેધક સવાલો ચર્ચાઇ રહ્યા છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# સ્પ્રિંગ છટકી !

## લોકોની સહનશક્તિની હદ આવે ત્યાં સુધી ત્રાસ ન અપાય



સ્પ્રિંગ એવી વસ્તુ છે તેને જેટલી દબાવો તેટલી વધારે તાકાતથી છટકે. આવી જ દશા લોક સમુદાયની છે. લોકસમુદાયની સહનશક્તિની હદ આવી જાય ત્યાં સુધી તેને ત્રાસ આપવામાં આવે તો એ ત્રાસ માંથી ક્રાંતિ જન્મે છે નેપાળમાં જે બન્યું તે આવું કંઈક હતું.

શાસક લોકોની કૃપાથી ખુરશી પર ગોઠવાયા હોય છે. લોકોની અવગાણા કરે તે શાસક સામે પ્રારંભે નારાજગી જાગે બાદમાં રોષ જન્મે. એ રોષ બાદ પણ અન્યાય ત્રાસ ચાલુ રહે તો આક્રોશમાં પલટાઈ અને બાદમાં ક્રાંતિ સર્જાય. શાસકોએ લોકોની સહનશક્તિની કસોટી કરવી ન જોઈએ. લોકશાહીમાં તો લોક લાગણીને માન આપવું શાસક માટે અનિવાર્ય ગણાય.

દરેક ઘટનામાંથી કંઈક શીખવું જોઈએ. રાજકોટમાં છેલ્લા ઘણા સમયથી અરાજક સ્થિતિ છે. શાસક તથા તંત્રનું વર્તન બેજવાબદાર છે. સ્થિતિને સુધારવા કોઈ રણનીતિ પણ નથી. દરરોજ દશા બગડતી જાય છે. લોકોની નારાજગી નજરે પડવા લાગી છે. કાર્યો કરી દેખાડવાને બદલે તંત્રએ લોકોના માથા પર હેલ્મેટ જેવા ગતકડા ઝીંકયા. નારાજગી રોષમાં પલટાઈ . મીડિયા તથા સોશિયલ મીડિયામાં રોષ જાહેર થવા લાગ્યો. શાસક આ રોષને ૨૪ કલાક પણ સહનના કરી શક્યા. હેલ્મેટ અંગે કોનું વલણ અપનાવવા ફરજ પડી.

માત્ર હેલ્મેટનો જ મુદ્દો નથી. અરાજકસ્થિતિ અને બે જવાબદાર વર્તન લોકોની નારાજગીનું મુખ્ય કારણ છે. ગઈકાલે રાજકોટના રૈયાધાર વિસ્તારમાં અસામાજિક તત્વોએ કોઈ કારણ વગર તાંડવ કરીને વાહનોના કાચ તોડ્યા. આવા વિસ્તારોમાં દારૂના અડ્ડા બની ગયા છે. પીધેલાઓ ભાન ભૂલીને કાયમ ડીંગલ કરતા રહે છે. તંત્ર સાથે સેટિંગ હોવાની બાબત હવે સિક્રેટ રહી નથી. રાજકોટના લગભગ દરેક વિસ્તારોમાં લાંબા સમયથી રૈયાધાર જેવો ત્રાસ ફેલાયેલો છે સામાન્ય લોકો ત્રાહિમામ છે પણ તંત્ર શાસકો જરા પણ ગંભીર નથી.

આવા અસંખ્ય મુદ્દે નારાજગી તથા રોષ ફેલાયેલા છે. સામાન્ય લોકો સામે રોગ જમાવતું તંત્ર દારૂડિયા સામે કથક કરવા લાગે છે. આવી સ્થિતિ શાસન માટે જોખમી ગણાય. રોજ આક્રોશ ફાટે તે પૂર્વે સજાગ બનવું જરૂરી છે. સ્માર્ટનેસ દેખાડીને લોકોને દાબી દેવાની પ્રવૃત્તિ જોખમને વધારી દેશે. સ્પ્રિંગ ક્યારેય કહીને છટકતી નથી. જેટલી વધારે દબાવશો તેટલી તાકાતથી છટકશે. નેપાળમાં નેતાઓને ભાગવું પણ ભારે થઈ ગયું છે.

# MVHનું ક્રોસ વોટિંગ કોંગ્રેસને પડ્યું ભારે

## ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં એનડીએ ને ૧૦ થી ૧૩ મત વધુ મળ્યા કોંગ્રેસે કહ્યું કે ભલે રાધાકૃષ્ણન સંખ્યામાં જીત્યા, પરંતુ વાસ્તવમાં, ભાજપને નૈતિક અને રાજકીય હારનો સામનો કરવો પડ્યો છે

નવીદિલ્હી, તા. ૧૦

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં, ગઉઅ ઉમેદવાર સીપી રાધાકૃષ્ણને ભારતના સુદર્શન રેડ્ડીને ૧૫૨ મતોથી હરાવ્યા. રાધાકૃષ્ણનને ૪૫૨ મત મળ્યા અને રેડ્ડીને ૩૦૦ મત મળ્યા. INDIA ગઠબંધન પાસે ૩૧૫ સાંસદો છે. આવી સ્થિતિમાં, તેને અપેક્ષા કરતા ઓછા મત મળ્યા. આ પછી, એવું કહેવામાં આવી રહ્યું છે કે કેટલાક સાંસદોએ ક્રોસ વોટિંગ કર્યું. માહિતી અનુસાર, જે સાંસદોએ આ કર્યું તે મહાવિકાસ આઘાડીના છે. આ ક્રોસ વોટિંગ દ્વારા ગઉઅ ને ૧૦ થી ૧૩ વધુ મત મળ્યા. INDIA વિચારી રહ્યું છે કે આ ૧૦ થી ૧૩ સાંસદો ગઠબંધનના કયા પક્ષના છે. ચૂંટણીમાં કુલ ૭૫૨ માન્ય અને ૧૫ અમાન્ય મત પડ્યા. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે ૩૭૭ મતોની જરૂર હતી. ક્રોસ વોટિંગ પર, શિવસેના (UBT) ના નેતા સંજય રાઉતે કહ્યું કે ક્રોસ વોટિંગ વિશે કોણ વાત કરી રહ્યું છે. ગઉઅ ના કેટલાક લોકો આ કહી રહ્યા છે. અમને કેટલા મત મળ્યા તેનો ડેટા મળ્યો છે. અમને ૩૦૦ મત મળ્યા છે અને જે ૧૫ મતોને અમાન્ય જાહેર કરવામાં આવ્યા છે તે સુદર્શન રેડ્ડીની સામે લખેલા છે. છતાં, કોઈ કારણોસર, તે મતોને અમાન્ય જાહેર કરવામાં આવ્યા હતા.

મુખ્ય વિપક્ષી પક્ષ કોંગ્રેસે કહ્યું કે ભલે રાધાકૃષ્ણન સંખ્યામાં જીત્યા, પરંતુ વાસ્તવમાં, ભાજપને નૈતિક અને રાજકીય હારનો સામનો કરવો પડ્યો છે. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાન ૯ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦ વાગ્યે શરૂ થયું અને સાંજે ૫ વાગ્યે પૂર્ણ થયું. મતદાન સમાપ્ત થયાના લગભગ અઢી કલાક પછી ચૂંટણી પરિણામો જાહેર કરવામાં આવ્યા.



રાજ્યસભાના મહાસચિવ અને ચૂંટણી અધિકારી પીસી મોદીએ પરિણામો જાહેર કરતા કહ્યું કે કુલ ૯૮.૨ ટકા મતદાન થયું. રાધાકૃષ્ણનને ૪૫૨ મત મળ્યા અને વિપક્ષી ઉમેદવાર બી. સુદર્શન રેડ્ડીને ૩૦૦ મત મળ્યા. તેમણે કહ્યું કે આ ચૂંટણીમાં, ઈલેક્ટોરલ કોલેજના કુલ ૭૮૧ સભ્યોમાંથી ૭૬૭ (એક પોસ્ટલ બેલેટ સહિત) મતદાન કર્યું, જેમાં ૧૫ મતોને અમાન્ય જાહેર કરવામાં આવ્યા. ભાજપના સાંસદ સંજય જયસ્વાલે દાવો કર્યો હતો કે લગભગ ૪૦ વિપક્ષી સાંસદોએ પોતાના અંતરાત્માની વાત સાંભળી અને કોઈને કોઈ સ્વરૂપે NDA ઉમેદવારના સમર્થનમાં મતદાન કર્યું. ૪૦ વિપક્ષી સાંસદોના સમર્થનના તેમના દાવામાં ઘણા મતોનો ઉલ્લેખ પણ શામેલ છે જેને અમાન્ય જાહેર કરવામાં આવ્યા હતા. NDA નેતાઓનું કહેવું છે કે મહારાષ્ટ્રના કેટલાક વિપક્ષી સાંસદોએ રાધાકૃષ્ણનના સમર્થનમાં મતદાન કર્યું હતું. NDA ઉમેદવાર સીપી રાધાકૃષ્ણનને ૪૫૨ મત મળ્યા જ્યારે ભારતના સુદર્શન રેડ્ડીને ૩૦૦ મત મળ્યા. ભારત ગઠબંધન પાસે ૩૧૫ સાંસદ છે. આવી સ્થિતિમાં, તેને અપેક્ષા કરતા ઓછા મત મળ્યા. આ પછી, એવું કહેવામાં આવી રહ્યું છે કે કેટલાક સાંસદોએ ક્રોસ વોટિંગ કર્યું.

# બંને દેશો વચ્ચેના તણાવને ઉકેલવા થશે વાતચીત : ટ્રમ્પ

## ડોનાલ્ડ ટ્રમ્પે આપ્યું આશ્વાસન કહ્યું વિશ્વાસ છે કે ભારત અને અમેરિકા વેપાર વાટાઘાટો માટે માર્ગ કરશે મોકળો

નવીદિલ્હી, તા. ૧૦

ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો છેલ્લા કેટલાક મહિનાઓથી વેપાર તણાવમાંથી પસાર થઈ રહ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા દ્વારા કહ્યું કે તેઓ બંને દેશો વચ્ચેના વેપાર તણાવને ઉકેલવા માટે વાતચીત કરશે. ટ્રમ્પના નિવેદન પછી, પીએમ મોદીનું એક નિવેદન બહાર આવ્યું છે. તેમણે કહ્યું કે મને વિશ્વાસ છે કે અમારી વેપાર વાટાઘાટો ભારત-અમેરિકા ભાગીદારીની અનંત શક્યતાઓ ખોલવાનો માર્ગ મોકળો કરશે. વાસ્તવમાં, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદ્યા પછી, બંને દેશો વચ્ચેના સંબંધો સતત બગડી રહ્યા હતા. ટ્રમ્પે પાકિસ્તાન કરતા ભારત પર વધુ ટેરિફ લાદ્યો હતો. ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ રશિયા પાસેથી તેલ ખરીદવા માટે ભારત પર વધુ ટેરિફ લાદી રહ્યા છે. જોકે, છેલ્લા કેટલાક દિવસોથી ટ્રમ્પ ભારત અને પીએમ મોદી વિશે જે પ્રકારના નિવેદનો આપી રહ્યા છે, તેનાથી એવું લાગે છે કે તેઓ બંને દેશો વચ્ચે વધી રહેલા તણાવને ઘટાડવા માંગે છે.



વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા દ્વારા કહ્યું કે ભારત અને અમેરિકા ખૂબ સારા મિત્રો અને કુદરતી ભાગીદાર છે. તેમણે કહ્યું કે મને વિશ્વાસ છે કે અમારી વેપાર વાટાઘાટો બંને દેશો વચ્ચે ભાગીદારીની અનંત શક્યતાઓ ખોલવાનો માર્ગ મોકળો કરશે. અમારી ટીમ આ વેપાર વાટાઘાટોને શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવા માટે કામ કરી રહી છે. પીએમએ કહ્યું કે હું રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે વાત કરવાની રાહ જોઈ રહ્યો છું. સાથે મળીને આપણે બંને દેશોના લોકો માટે એક ઉજ્જવળ અને વધુ સમૃદ્ધ ભવિષ્ય બનાવીશું.

ટ્રમ્પે સોશિયલ મીડિયા દ્વારા કહ્યું કે મને એ જાહેરાત કરતા આનંદ થાય છે કે ભારત અને અમેરિકા બંને વેપાર તણાવને ઉકેલવા માટે વાટાઘાટો કરી રહ્યા છે. તેમણે કહ્યું કે હું આગામી દિવસોમાં મારા ખૂબ જ સારા મિત્ર પ્રધાનમંત્રી મોદી સાથે વાત કરવા માટે ખૂબ જ ઉત્સુક છું. ટ્રમ્પે કહ્યું કે મને વિશ્વાસ છે કે બંને દેશોને સફળ નિષ્કર્ષ પર પહોંચવામાં કોઈ મુશ્કેલી નહીં પડે. વેપાર વાટાઘાટો પર યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદન પછી, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે હું રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે વાત કરવાની રાહ જોઈ રહ્યો છું. તેમણે કહ્યું કે ભારત અને અમેરિકા સાથે મળીને તેમના લોકોનું ભવિષ્ય ઉજ્જવળ અને વધુ સમૃદ્ધ બનાવશે. હાલ બંને દેશો વચ્ચે જે પ્રશ્ન ટ્રેડને લઈ ઉભો થયો છે અને જે ટેરીફ વધારે લાગુ કરવામાં આવ્યા છે તેને ધ્યાને લઇ આગામી સમયમાં વ્યાપારને કોઈ નુકસાની ન પહોંચે તે માટે હાલ બંને દેશો હોય છે વાટાઘાટો થાય તે ખૂબ જરૂરી છે અને તેને લઈને જ આગામી દિવસોમાં બંને દેશોના ટોચના નેતાઓ પરસ્પર સમજૂતી સાથે તેવું જણાઈ રહ્યું છે.

# રાહુલના રાયબરેલી પ્રવાસ દરમિયાન હોબાળો

## ભાજપના નેતા દિનેશ પ્રતાપ સિંહે તેમના સેંકડો સમર્થકો રાહુલ ગાંધીના કાફલાની સામે રસ્તા પર બેસી ગયા

નવીદિલ્હી, તા. ૧૦

રાહુલ ગાંધીની રાયબરેલીની મુલાકાત દરમિયાન ખૂબ હોબાળો થયો હતો. ભાજપના નેતા દિનેશ પ્રતાપ સિંહે તેમના સેંકડો સમર્થકો સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા. મંત્રી અને તેમના સમર્થકો રાહુલ ગાંધીના કાફલાની સામે રસ્તા પર બેસી ગયા હતા અને રાહુલ ગાંધીને પાછા મોકલવા માટે સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું હતું, ત્યારબાદ પોલીસ અને ભાજપના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતું. વાસ્તવમાં, રાહુલ ગાંધી તેમના લોકસભા મતવિસ્તાર રાયબરેલીના બે દિવસના પ્રવાસે ગયા છે. આ દરમિયાન, ભાજપના રાજ્યમંત્રી દિનેશ પ્રતાપ સિંહ અને તેમના સમર્થકોએ રાહુલ ગાંધીના કાફલાને રોકવાનો પ્રયાસ કર્યો હતો.

મંત્રી દિનેશ પ્રતાપ સિંહ અને ભાજપના સમર્થકોએ રાહુલ ગાંધીના કાફલાને રોકવા માટે સૂત્રોચ્ચાર કર્યા હતા. સૂત્રોચ્ચાર કરતી વખતે, ભાજપના સમર્થકો 'રાહુલ ગાંધી પાછા જાઓ' કહી રહ્યા હતા. મળતી માહિતી મુજબ, આ ઘટના હરચંદપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં મહાવીર ડિગ્રી કોલેજની સામે બની હતી. મંત્રી અને સમર્થકો લખનૌ પ્રયાગરાજ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ધરણા પર



બેઠા હતા. પોલીસને ધરણા પર બેઠેલા સમર્થકોને દૂર કરવામાં ભારે મુશ્કેલી પડી હતી. રાજ્યમંત્રી દિનેશ પ્રતાપ સિંહ કહે છે કે રાહુલ ગાંધીએ વડા પ્રધાન મોદીની સ્વર્ગસ્થ માતા વિશે બોલાયેલા અપશબ્દો સામે બોલવું જોઈતું હતું અને તેમણે આ મામલે કડક કાર્યવાહી કરવી જોઈતી હતી. તેમણે કહેવું જોઈતું હતું કે તેઓ આવી ઘટનાથી દુઃખી છે. મંત્રીએ કહ્યું કે એવું લાગે છે કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી આવા લોકોને ટેકો આપી રહ્યા છે. તેમણે કહ્યું કે ભાજપના કાર્યકરો રાહુલ ગાંધી દેશની માતાઓની માફી માંગે તેવી માંગ કરે છે.

પ્રદર્શનને કારણે રાહુલ ગાંધીનો કાફલો થોડીવાર માટે રોકાઈ ગયો હતો, ત્યારબાદ રાહુલ ગાંધી બછરાવન શહેર પહોંચ્યા, જ્યાં કોંગ્રેસના કાર્યકરો દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ રાહુલ ગાંધી હરચંદપુર વિધાનસભા માટે રવાના થયા, જ્યાં તેઓ બતોહી રિસોર્ટ ખાતે બૂથ સ્તરના અધિકારીઓ અને કાર્યકરો સાથે બેઠક કરશે. રાયબરેલીમાં રાહુલ ગાંધીએ કહ્યું છે કે આજે આપણી પાસે એક જ સૂત્ર છે - 'વોટ ચોર ગદ્દી છોડ'. તેમણે કહ્યું કે આ સૂત્ર આખા દેશમાં સાબિત થયું છે. અમે ભવિષ્યમાં પણ તેને સાબિત કરતા રહીશું.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી બે દિવસના પ્રવાસે રાયબરેલી ગયા છે. આ દરમિયાન રાજ્યમંત્રી દિનેશ પ્રતાપ સિંહ અને તેમના સમર્થકોએ રાહુલ ગાંધીના કાફલાને રોકવા માટે ઉગ્ર વિરોધ કર્યો અને 'રાહુલ ગાંધી વાપસ જાઓ' ના નારા લગાવવાનું શરૂ કર્યું. મંત્રીએ કહ્યું કે રાહુલ ગાંધીએ પીએમની માતા વિરુદ્ધ બોલાયેલા અપશબ્દો માટે સમગ્ર દેશની માતાઓ અને બહેનોની માફી માંગવી જોઈએ.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

### માબાપ ને ભૂલશો નહિં! પુનિત મહારાજની આ કૃતિ સંતાનો ને એમની ફરજ યાદ કરાવે છે



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે ગુરુવાર એટલે કે પ્રાર્થનાનો દોર!; આપણે હમણાં તો પ્રાર્થનાં વિશે સ્વતંત્ર ચિંતન થયું નથી. આપણાં તન મન ને પવિત્ર કરનારું જો કોઈ સીધુંસાદું માધ્યમ હોય તો એ પ્રાર્થનાં છે, અને એને ઈશ્વર સાથેનો સીધો સંવાદ પણ કહી શકીએ! પ્રાર્થનામાં ભાષા કે અભિવ્યક્તિની એવી કોઈ મહત્તા નથી હોતી, માત્ર સાધકનો ભાવ કે આત્મનિવેદન સ્પષ્ટ અને સાચું હોવું જોઈએ. આપણે ગીતાનાં શ્લોક પરના ચિંતનમાં જોયું કે ઈશ્વર પાસે આપણાં કર્મ બાબતની કોઈ નોંધ હોતી નથી, અથવા તો એ એ બાબત એ અલિપ્ત છે, પણ આતંરિક પ્રકૃતિ દ્વારા થતાં કર્મો, બાહ્ય પ્રકૃતિને જોડનારા છે, કે તોડનારા! એની નોંધ અસ્તિત્વ લે છે, અને એ મુજબ એ આપણને સારુ ખરાબ ફળ આપે છે. હિન્દુ સંસ્કૃતિમાં ઈશ્વરના કેટલાય સ્વરૂપ છે, અને આદિદેવ જગતગુરુ શંકરાચાર્યનાં મત પ્રમાણે પંચદેવને એમાં વિશેષ મહત્વ આપીએ છીએ. પરંતુ હિન્દુ સનાતનની સંસ્કૃતિનાં ચાર મહત્વનાં સૂત્રોમાં માતૃદેવો ભવ, પિતૃદેવો, આચાર્ય દેવો ભવ, અને અતિથી ભવ, એમ માતા, પિતા, આચાર્ય એટલે ગુરુ અને અતિથીને પણ ઈશ્વર માનવામાં આવે છે. હમણાં શ્રાદ્ધ પક્ષ ચાલી રહ્યો છે, એટલે આપણે પણ આજે સાવ સીધાસાદા શબ્દોમાં લખાયેલ આ પ્રાર્થના પર ચિંતન કરીશું.

**માબાપ ને ભૂલશો નહીં**

ભુલો ભલે બીજુ બધુ માબાપને ભૂલશો નહિ,
અગણિત છે ઉપકાર એના, એહ વિસરશો નહિ.
પથ્થર પૂજ્યાં પૃથ્વી તણા, ત્યારે દીઠું તમ મુખડું.
એ પુનિત જનનાં કાળજાં, પત્થર બની છુંદશો નહિ,
કાઢી મુખેથી કોળીયાં,મ્હોમાં દઇ મોટા કર્યા,
અમ્રુત તણાં દેનાર સામે,ઝેર કદી ઉગળશો નહિ.
લાખો લડાવ્યા લાડ તમને, કોડ સૌ પૂરા કર્યા,
એ કોડના પૂરનારના, કોડ પૂરવા ભૂલશો નહિ.
લાખો કમાતા હો ભલે, માબાપ જેનાથી ના ઠર્યા,
એ લાખ નહિ પણ રાખ છે,એ માનવું ભૂલશો નહિ.
સંતાનની સેવા ચાહે, સંતાન છો સેવા કરો,
જેવું કરો તેવું ભરો,એ ભાવના ભૂલશો નહિ.
ભીને સૂઇ પોતે અને સુકે સુવાડ્યા આપને,
એ અમિમય આંખને, ભુલીને ભિંજવશો નહિ.
પુષ્પો બિછાવ્યા પ્રેમથી, જેણે તમારા રાહ પર,
એ રાહબરના રાહ પર, કંટક કદી બનશો નહિ,
એના પુનિત ચરણો તણી, ચાહના કદી ભૂલશો નહિ.

મોટેભાગે અજ્ઞાત લખ્યું છે, પરંતુ એક જ જગ્યાએ સંત પુનિત મહારાજની આ રચના છે એમ લખ્યું છે. પણ જેણે લખ્યું એ ખરેખર વંદનીય છે, અને આ કૃતિમાં કોઈ ભાવાર્થની જરૂર નથી,સાવ સીધા સાદા શબ્દોથી લખાયેલું આ એક એવું સત્ય છે, જે લગભગ દરેક સંતાને અનુભવ્યું છે! પરંતુ તે છતાં એ સત્ય જીવન પર્યંત યાદ રહેતું નથી, અને એને કારણે મા બાપ કે જેને ઈશ્વર સમકક્ષ સ્થાન અપાયું છે, એની અવગણના થઈ જાય છે, અને ઉપેક્ષા થાય છે! અથવા એનાં પ્રત્યે બે જવાબદાર પણ થઈ જવાય છે! અને અમૃતનાં દૂધ પીવડવનાર ને ઝેર જેવાં વેણ કહેવાય જાય છે. ઈશ્વરનાં અન્ય સ્વરૂપની સાધના કે પૂજા દરમિયાન આપણે કેટલાએ નીતિ નિયમો કે દ્રવ્યોની જરૂર પડતી હોય છે, પરંતુ માબાપ એક એવા ઈશ્વર છે કે જેણે સંતાન પાસેથી જિંદગીમાં કોઈ અપેક્ષા રાખી જ નથી હોતી, હા જવાબદારી સમજાવવા માટે, કે જીવનમાં આગળ કોઈ મુશ્કેલી ન પડે, એ માટે ક્યારેક કઠિન થયા હોય, બાકી માબાપની મમતાનું કોઈ મોલ આંકી શકાય એમ નથી.

આજનો સામાજિક રેસિયો જોતાં મોટેભાગે સંતાનો વધુ રૂપિયા કમાવા માબાપને છોડીને અન્ય જગ્યાએ સ્થિર થયા છે. જોકે એની માટે ઘણાં કારણો પણ હોય! પરંતુ આ રેશિયો જોતાં એવું લાગે કે સંતાન માટે માબાપ એક સીડી છે, અને સીડી ચડીને સંતાન સફળતા પ્રાપ્ત કરે છે! અને ઉપર ચડી ગયા પછી એ સીડીનું એને મન કોઈ મહત્વ રહેતું નથી! આમાં સંસ્કાર બહુ મહત્વનો ભાગ ભજવે છે! અને એટલે અપવાદ પણ હોય છે! એટલે એમ કહોને ૭૦/૩૦ નાં રેશિયા માં ૩૦% સંતાનો પોતાની સફળતાનું શ્રેય માબાપને આપે છે! પણ માનવીને સુખ માટે જ્યારથી સાધનોની જરૂર પડવા લાગી, અથવા તો સુવિધાજનક સાધનો એ જ એને સંબંધોથી વિમુખ કર્યા, એવું એક તારણ પણ કાઢી શકાય. પણ ઉપર લખ્યું એમ લાખો કમાતા હો ભલે.. એ રુપિયા રાખ છે! જો એમાંથી તમે તમારા માબાપને ઠાર્યા નહીં! મા-બાપ કાંઈ આ રૂપિયાની આશા રાખીને બેઠા નથી હોતાં, પણ ઋણ અદા કરવાની આ તક જવા દેવી એ અત્યંત ભૂલ ભરેલું છે! અને આગળ ઉપર જઈ એનું ફળ અહીં જ ભોગવવું પડશે! એમાં કોઈ બે મત નથી.

સૂકાં માં સૂવાડી ભીનાં માં સૂવે પોતે ! અને તાવ તરિયો થયો હોય તો જે આંખો રાત રાત જાગી હોય, એ આંખમાં સંતાનને કારણે આંસુ આવે! એ બહુ જ ખોટું કહેવાય! પણ દેશકાળ પ્રમાણે હવે આવું બધું સહજ થઈ ગયું છે, અને એમાં પણ વચ્ચેની પેઢી, કે જે પોતાનાં સંસ્કારોને કારણે માતાપિતા સાથે રહ્યાં, અને તોય પોતાનાં સંતાનોને બાંધ્યા નહીં, એટલે કે એમને ઉડવા આખું આકાશ આપ્યું, અને એ સફળ બનીને દેશ પરદેશ વસી ગયા!: આવી વચ્ચેની પેઢીને ક્યારેક દયનીય સ્થિતિમાં જોઈએ ત્યારે એમ થાય કે ઈશ્વરનો આ કેવો ન્યાય છે? પહેલાંના પ્રમાણમાં હવે જનરેશન ગેપ બહુ મોટો થતો જાય છે! જોકે આજની પેઢીની દરેક વાત અવગણવા જેવી જ હોય છે, એવો હઠાગ્રહ પણ આની માટે જવાબદાર છે! કારણકે આજની પેઢી ઉડાવ છે બાજુ તો સૌને દેખાણી, પણ એ ઉદાર પણ છે અને એમાં પણ ખાસ કરીને બદલાવને અહમ આગ્રહનો મુદ્દો બનાવ્યા વગર બહુ ઝડપથી સ્વીકારી શકે છે! અને એ ખરેખર વંદનીય છે! સામાજિક રીતે વૃદ્ધાશ્રમ બને એ બહુ સારી વાત નથી, પણ એમાં દરેક વખતે સંતાનો જવાબદાર નથી હોતાં!; ક્યારેક બે પેઢી વચ્ચે વિચારોનું વૈમનસ્ય વધ્યું હોય!; અને આગ્રહ હઠાગ્રહ બને એવું પણ એવું બની શકે! બીજી રીતે જોઈએ તો હોસ્પિટલમાં કે આવાં વૃદ્ધાશ્રમમાં કેટલીય યુવાની કામ કરે છે! ભલેને વેતનની બદલે! પણ દિલથી સેવા કરતાં જોઈએ ત્યારે આ પેઢીને નમવું ગમે! કારણકે એમને એની સાથે કોઈ લેતીદેતી નથી હોતી, અને છતાં આટલી આત્મિયતા રૂપી સાત્વિક શ્રદ્ધા! બસ આવી શ્રદ્ધાથી જે પોતાની આજીવિકા રળશે, એનાં માતાપિતાનું શ્રાદ્ધ થઈ જશે! એટલે કે એમનાં પિતૃઓ તૃપ્ત થશે. આ રીતે બેય પેઢી અંદરોઅંદર એકબીજામાં શ્રદ્ધા અને વિશ્વાસથી જીવી શકે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### બાર કિલોમીટર સુધી ચાલ્યા પછી ફુગ્ગા વેંચવાના બહાને રેકી કરે બાદમાં કરે ચોરી

# ગિલ્લોલ રાખી ચોરી કરતી ચામાચીડીયા ગેંગ જબ્બે

## સગીર સહિત ત્રણને ઝડપી લેવાયાઃ ચાર સાગ્રીતોના નામ ખુલ્યાઃ લાબા સમયથી આપતાં હતાં ઘરફોડ ચોરીઓની ઘટનાને અંજામ



રાજકોટ, તા. ૧૦

અલગ અલગ પ્રકારની તસ્કરોની ટોળકીઓ પોત પોતાની મોડસ ઓપરેન્ડીથી ચોરીઓ કરતી હોય છે. આવી ગેંગ પકડાય ત્યારે અજબ ગજબની તેની વિગતો સામે આવતી હોય છે. આવી ટોળકીઓ ગિલ્લોલ ગેંગ તરીકે અને ચડ્ડી બનીયાનાધારી ગેંગ તરીકે અને ચામાચીડીયા ગેંગ તરીકે ઓળખાય છે. દરમિયાન પોલીસે ચામાચીડીયા ગેંગને દબોચી લીધી છે. આ ગેંગની ખાસીયત એ છે કે તે દિવસે ફુગ્ગા વેંચીને રેકી કરી લે છે અને બાદમાં રાતે ચોરીને અંજામ આપે છે. લગભગ બારેક કિલોમીટર સુધી ચાલીને પછી ચોરી કરે છે. આ ગેંગના સદસ્યો હાથ પર ચામાચીડીયાનું ટેટુ ચીતરાવી રાખે છે અને હાથમાં ગિલ્લોલ પણ રાખે છે.

વિગતો પર નજર કરીએ તો વડોદરા પોલીસે આવી તસ્કર ગેંગને ઝડપી છે. છાતી પર ચામાચીડિયાનું ટેટૂ ને હાથમાં ગિલોલ સાથે ચોરી કરે છે. અલગ અલગ વિસ્તારોમાં મોડીરાત્રે ચડ્ડી-બનિયાન પહેરી ચોરી કરતી ગેંગનો ત્રાસ વધી ગયો હતો. પોલીસના નાકમાં દમ કરનાર મધ્યપ્રદેશની ચામાચીડિયા ગેંગના પ્રણ સાગરીતને પોલીસે શહેરના સુસેન સર્કલ પાસેથી ઝડપી પાડ્યા હતા, જ્યારે અન્ય ચાર આરોપીને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે અને તેમને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી હતી. ચામાચીડિયા ગેંગના મોટા ભાગના સભ્યોએ તેમના શરીર પર છાતીના ભાગે ટેટૂ કોતરાવેલું છે. એ જ તેમની ગેંગની ઓળખ છે. ત્રણેય આરોપી હાલ સાત દિવસના પોલીસ રિમાન્ડ પર છે. આ ગેંગના સભ્યો તેમની છાતીના ભાગે ચામાચીડિયું કેમ ચિતરાવે છે એ દિશામાં પણ તપાસ શરૂ કરી છે. વડોદરા શહેરના માંજલપુર અને મકરપુરા વિસ્તારમાં ચોરીના બનાવો સામે આવતાં જ માંજલપુર પોલીસ એલર્ટ થઈ ગઈ હતી અને આ ગેંગને ઝડપી પાડવા મોડીરાત્રિના વોચમાં ફરતી હતી.

આ દરમિયાન માંજલપુર પોલીસે સીસીટીવી ફૂટેજની ઝીણવટ ભરી તપાસ કરી હતી. આ દરમિયાન શંકાસ્પદ બે શખસ સુસેન સર્કલ પાસે દેખાયા હતા, જેમાં એક વ્યક્તિએ ખભે સ્કૂલબેગ લટકાવી હતી. આ બંને શખસે ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસે પીછો કરી બંનેને ઝડપી પાડ્યા હતા. આ સમયે તેમનો ત્રીજો સાગરીત પણ ગલીમાં ભાગવા જતાં પકડાઈ ગયો હતો. પોલીસે આ શખસોની બેગ ચેક કરતા એમાંથી સળિયા કાપવા અને લોક તોડવાનાં સાધનો મળ્યાં હતાં. ડિસમિસ, પાના પકડ અને ગિલોલ જેવાં સાધનો મળ્યાં હતાં, જેથી પોલીસે આ શખસોની કડકાઈથી પૂછપરછ કરી હતી, ત્યારે તેઓ ભાંગી પાડ્યા અને તેઓ મધ્યપ્રદેશના ઉજ્જૈન, મનસોર સુવાસરા વિસ્તારના રહેવાસી હોવાનું જણાવ્યું હતું અને તેઓ ગુજરાતમાં ફુગ્ગા વેચવા માટે પરિવાર સાથે આવ્યા હતા.

જો કે ફુગ્ગા વેંચવા એ માત્ર દેખાવ કરવા પુરતો જ ધંધો હતો. મુળ કામ ચોરીઓ કરવાનું હોવાનું ખુલ્યું હતું. આ ગેંગના પરિવારના અન્ય સભ્યો દિવસ દરમિયાન ફુગ્ગા વેચતા હોય છે, જ્યારે રાત્રિના સમયે વડોદરા શહેરી વિસ્તારમાં ચડ્ડી બનિયાનનો વેશ ધારણ કરી ચોરીને અંજામ આપતા હતા. આ ગેંગના મોટા ભાગના સભ્યોની છાતી ઉપર ચામાચીડિયા જેવું ટેટૂ કોતરાવેલું હોય છે. મધ્યપ્રદેશના આ લોકોએ ભેગા મળીને તેમની ગેંગને ચામાચીડિયા ગેંગ નામ આપ્યું છે. આ આંતરરાજ્ય ગેંગ છે. અગાઉ ઉજ્જૈનમાં પોલીસ પર હુમલો કરવાના ગુનામાં પણ એક આરોપી દેવરાજ ઉર્ફે દેવા ભૂરિયા સોલંકી ઝડપાયો હતો. ચારઆરોપીને નહીં પકડાતાં તેમને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસે તસ્કરો પાસેથી ચોરી કરવા માટેનો રૂ.પાંચ હજારનો સામાન પણ જપ્ત કર્યો છે. આ ગેંગના સભ્યો વડોદરાના છાયાપુરી રેલવે સ્ટેશન ઉપર તરે છે અને ત્યાંથી રેલવે ટ્રેક પર ચાલતાં ચાલતાં બાર કિમી દૂર માંજલપુર ગામ પાસે આવે છે.

ત્યાં ફુગ્ગા વેચવાના બહાને કે લારી ચલાવવાના બહાને રેકી કરે છે અને બંધ મકાનમાં રાત્રિના સમયે ચોરી કરવાનો પ્લાન બનાવે છે. અલગ અલગ ટીમો બનાવીને ચડ્ડી-બનિયાન પહેરીને ચોરી કરવા માટે સોસાયટીમાં ઘૂસી જાય છે. ચોરી થયા પછી આ ટોળકી અલગ અલગ વિસ્તારમાં વહેંચાઈ જાય છે. એક ટીમ ચોરી કરવાનાં સાધનો લઈને ભાગી જાય છે, જ્યારે બીજી ટીમ મુદ્દામાલ લઇને ભાગી જાય છે અને ત્રીજી ટીમ અલગ દિશામાં ભાગે છે. પોલીસના હાથે જે ટીમ લાગી એની પાસેથી ચોરી કરવાની સાધનસામગ્રી મળી આવી છે, જેમાં મુખ્ય આરોપી દેવરાજ સોલંકી અને કબીર સોલંકી છે અને એક સોળ વર્ષનો સગીર છે. આ ત્રણેય આરોપીની પોલીસે ધરપકડ કરી છે. આ ત્રણેય આરોપીએ માંજલપુરમાં ત્રણ અને મકરપુરામાં એક ગુનો આચર્યો છે. જ્યારે મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં નીલગંગા, ચીમનગંજ અને મહાકાલ પોલીસ સ્ટેશનમાં ચોરી, હત્યાનો પ્રયાસ અને પોલીસ પર હુમલાનો ગુનો નોંધાયેલો છે.

આરોપીઓ પારધી જ્ઞાતિના છે અને તેઓ ચોરી કરે છે. આરોપીઓએ મધ્ય-દેશ, બિહાર અને ગુજરાતમાં ચોરીના ગુનાઓને અંજામ આપ્યો છે. પોલીસે દેવરાજ ઉર્ફે દેવા ભૂરિયા સોલંકી, કબીર ઉર્ફે લલ્લુ જશવંત સોલંકી અને એક સગીરને પકડ્યા છે. જ્યારે અન્ય ચાર શખે દુર્જનબાબા, યોગેશ મગન સોલંકી અને બાલી ઉર્વેશ પવારના નામ ખુલતાં તેની શોધખોળ થઇ રહી છે. આમ પોલીસે નાકે દમ લાવી દેનારી ટોળકીને ઝડપી લઇ રાહત અનુભવી હતી.

### ડ્રાઈવરની ભૂલ સાબિત થતા ફટકાર્યો ૫૦૦૦નો દંડ

# બસસ્ટેન્ડમાં સગવડતાના અભાવે અથડાઈ બે બસ




રાજકોટ, તા. ૧૦

રાજકોટ એસટી બસ પોર્ટને લઈ ઘણા ખરા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે ભૂતકાળમાં જે જૂનું બસપોટ હતું તેને તોડી હાલ જે નવું પાસપોર્ટ બનાવવામાં આવ્યું છે તેમાં ઘણી અસુવિધા અને જે યોગ્ય સગવડ હોવી જોઈએ તે મળતી નથી અને અવારનવાર બસોના એકસીડન્ટ થતા હોવાનું માલુમ પડતું હોય છે ત્યારે હાલ રાજકોટનું એસ.ટી.બસ પોર્ટ થાળી ભાંગીને વાટકા કરે તે મુજબનું છે. હાલ અહીં પાર્કિંગને લઈને ઘણા ખરા પ્રશ્નો ઊભા થયા છે ત્યારે ગઈકાલે બે બસો સગવડતાના અભાવે અથડાઈ હતી.

ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિના ગુજરાતના પ્રતિનિધિ ગજેન્દ્રસિંહ ઝાલા, એડવોકેટ ઈન્દુભા રાઓલ, દિલીપભાઈ આસવાણી, નાગજીભાઈ વિરાણી લાખાણી પ્રવીણભાઈ કમલેશભાઈ પારેખની સંયુક્ત યાદી જણાવે છે કે રાજકોટનું એસ.ટી બસપોર્ટ એ થાળી ભાંગીને વાટકો કરતા બસો માટે પૂરતી જગ્યા ન હોવાને પગલે નાના મોટા અકસ્મતો રોજિંદા બન્યા છે. આજે એન્ટ્રી ગેટ પાસે અનઅધિકૃત રીતે પાર્કિંગ કરેલી બે ઇલેક્ટ્રી સીટી બસમાંથી ઋઉં૦૧ઊં ઝ૨૪૬ રાજકોટ હીરાસર રાજકોટ રૂટની બસમાં સુરત ડેપોની જુનાગઢ-બરોડા-સુરત રૂટની બસ નંબર ૧૮-ણ ઝ ૦૧૪૪ બસ પ્લેટફોર્મ નંબર ત્રણ પરથી રિવર્સ લેતી વખતે ભટકાઈ હતી.

સદનસીબે આ બે બસ વચ્ચે મુસાફરની અવરજવર હતી નહીં અન્યથા જાનહાની થવાની સંભાવના પૂરેપૂરી હતી થોડા સમય પહેલા ગેટ પાસે જ બે બસની વચ્ચે એક ૨૪ વર્ષનો યુવાન ચગદાઈ જતા ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું. આ બે બસ વચ્ચેની ટક્કરના પગલે રાજકોટ હિરાસર બસનો ફ્રન્ટ સ્ક્રીન ગ્લાસ તૂટી ગયો હતો. એસ.ટી બસ પોર્ટ પર બસોના આડેધડ ખડકલા જોવા મળે છે અને આ રીતની ઘટના રોજિંદી બની છે એક્ઝિટ ગેટ પર બોક્સ બનાવી પાર્કિંગ માટે જગ્યા ઉપલબ્ધ કરવામાં આવી છે.

તેમ છતાં બસને અનઅધિકૃત રીતે પાર્કિંગ કરવામાં આવે છે અને બસ પ્લેટફોર્મ પર લગાવવામાં આવે એ પહેલા કલાકો સુધી બસ અનઅધિકૃત પાર્ક કરેલી જોવા મળે છે આ અંગે ડેપો મેનેજર કે ફરજ પરના સ્ટેન્ડ ઇન્ચાર્જની જવાબદારી ખરી કે નહીં ? આ રીતે એસ.ટી બસપોર્ટમાં મન ફાવે ત્યાં આડેધડ વગર પ્લેટફોર્મ અનઅધિકૃત રીતે બસો પાર્ક થશે તો મુસાફરો પર મોતની લટકતી તલવાર છે. અમારી જાણ મુજબ સુરત ડેપોના ડ્રાઇવરને આ અંગે ૫,૦૦૦ની પેનલ્ટી કરવામાં આવી છે ત્યારે ડેપો મેનેજરની કાંઈ જવાબદારી બને કે નહીં ? ડેપો મેનેજર કુંભકર્ણની નિંદ્રામાંથી જાગે તેમ ઉપરોક્ત આગેવાનોએ જણાવ્યું છે.

# ખિરસરા લોધિકા રોડ ત્રણ માસમાં બુકડો

## આ બાબતની તપાસ કરવા માટે જાગૃત નાગરિકો દ્વારા કલેકટરને આવેદન આપી રજૂઆત કરાય હતી



રાજકોટ, તા. ૧૦

રાજકોટનાં ગ્રામ્ય વિસ્તારમાં રોડ-રસ્તાની અતિ દયનીય હાલત થઈ ગઈ છે. જેમાં ખિરસરા લોધિકા રોડને કરોડોના ખર્ચે બનાવવામાં આવ્યો હતો જે માત્ર ત્રણ જ મહિનામાં તુટી ગયો છે. જેનાથી ભ્રષ્ટાચારની બૂ આવી રહી છે. આ બાબતની તપાસ કરવા માટે જાગૃત નાગરિકો દ્વારા કલેકટરને આવેદન આપી રજૂઆત કરાય હતી.

રજૂઆતમાં જણાવ્યું છે કે, ખીરાસરા-લોધિકા રોડનું કામ તા.૨૦-૨-૨૫નાં રોજ શરૂ થયું હતું અને તા.૧૯-૬-૨૦૨૫નાં રોજ પૂર્ણ થયેલ છે. આ કામ પટેલ કન્સ્ટ્રકશન એન્ડ કુ. દ્વારા કરાવવામાં આવ્યું હતું. રોડના આ કામ પાછળ કુલ ૫,૭૬,૧૦,૧૩૧.૭૭ . કામપૂર્ણ થયાના હાલ માત્ર બે થી ત્રણ મહિના થયા છે. તેમ છતાં રોડ પર અનેક જગ્યાએ ગાબડાં પડી ગયાં છે.આથી સ્પષ્ટ થાય છે કે રોડના કામમાં યોગ્ય ગુણવત્તા જાળવવામાં આવી નથી અને જનહિતના નાણાંનો મોટાપાયે બગાડ કરવામાં આવ્યો છે.

પ્રકાશ તોગડીયા જે પટેલ કન્સ્ટ્રકશન એન્ડ કુ.ના માલિક છે, અલ્પાબેન મુકેશભાઈ તોગડીયા (જિલ્લા પંચાયત સભ્ય મખાવડ) હાલમાં તેઓ જીલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન છે અને આ કંપનીના માલિક તેમના પતિના ભાઈ પણ થાય છે.

આ પ્રકારની સગાવાદને કારણે ગુણવત્તા વિના કામ પતાવી દેવામાં આવ્યું હોવાનો શંકાઓ ઉભી થતી હોઈ છે. જાહેર નાણાંના આવા દુરુપયોગ સામે તંત્ર તાત્કાલીક કાર્યવાહી કરે, કામની તપાસ કરાવે, જવાબદાર કોન્ટ્રાકટર સામે કડક પગલાં ભરે અને રોડને તાત્કાલીક સુધારવા જરૂરી સુચનાઓ આપે તેવી જાગૃત નાગરિકો પાર્થ રાઠોડ સહિતના લોકો દ્વારા કલેકટરને આવેદન પાઠવી રજૂઆત કરાય છે.

### ક્રાઈમ બ્રાંચને બાતમી મળતાં દરોડો પડ્યો

# દેવપરાના એપાર્ટમેન્ટમાં દરોડો જૂગાર રમતાં ૪ પકડાયા



રાજકોટ, તા. ૧૦

જૂગાર રમવાનું હજુ પણ ચાલુ રખાયું છે. પત્તાપ્રેમીઓ સતત તક મળે ત્યાં પત્તા ટીચવા બેસી જાય છે. દરમિયાન કોઠારીયા રોડ દેવપરા પાસે એંસી ફુટ રોડ પર આવેલા મંગલ જ્યોત એપાર્ટમેન્ટમાં બીજા માળે રહેતો પરેશ બચુભાઇ શેલડીયા જૂગાર રમાડતો હોવાની બાતમી મળતાં ક્રાઇમ બ્રાંચે ત્યાં ત્રાટકી ચારની ધરપકડ કરી હતી.

ક્રાઇમ બ્રાંચની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે સંજયભાઇ ખાખરીયા અને તુલસીભાઇ ચુડાસમાની બાતમી પરથી પરેશ શેલડીયાના ફલેટમાં દરોડો પાડી તેને તથા જંગલેશ્વર ચાર માળીયા કવાર્ટરના મહેશ કડવાભાઇ સાંગાણી, જામનગર રોડ જૈનમ એપાર્ટમેન્ટના મનિષ જેરાભાઇ દુધરેજીયા અને જંગલેશ્વર ચાર માળીયાના અનીશ ગફારભાઇ લાખાણીને પકડી લઇ ગંજીપાના તથા રૂા. ૧૮૭૦૦ રોકડા કબ્જે કરાયા હતાં. પીએસઆઇ એ. એન. પરમાર, વિજયરાજસિંહ જાડેજા, ક્રિપાલસિંહ ઝાલા, પ્રતિકસિંહ રાઠોડ સહિતે આ કામગીરી કરી હતી.

# STને મળી ૧૩ નવી બસ

## રાજકોટથી દ્વારકા ,ઉના ,અંબાજી, સુરેન્દ્રનગર તથા પોરબંદર અને મહુવા રૂટ ઉપર આવશે દોડાવવામાં




રાજકોટ, તા. ૧૦

રાજ્ય સરકાર હાલ લોકોના દરેક પ્રશ્નોનું યોગ્ય નિવારણ લાવવા માટે મહેનત કરી રહી છે એટલું જ નહીં અત્યારે તેમના દ્વારા હાલ લોકોને મુસાફરીમાં કોઈ પણ પ્રકારની તકલીફનો સામનો ન કરવો પડે તે માટેની ગંભીરતાને ધ્યાને લઇ અત્યારથી જ વિવિધ એસી બસોની ફાળવણી કરવામાં આવી રહી છે ત્યારે અગાઉ ૨૨ ઓગસ્ટના રોજ રાજકોટ વિભાગને ૯ એસી બસ ફાળવવામાં આવી હતી. ત્યારે સપ્ટેમ્બર માસના પ્રારંભમાં જ રાજકોટને ૧૩ નવી એસી બસોની ફાળવણી સેન્ટ્રલ ઓફિસ દ્વારા કરવામાં આવી હોવાનું માલુમ પડ્યું છે આમ રાજકોટ એસટી વિભાગને અત્યારે ૨૦ જેટલી બસની ફાળવણી થઈ ચૂકી છે નાગામી સમયમાં હજુ પણ ૧૦ નવી બસ ફાળવવામાં આવશે તેવું વિભાજ્ય સૂત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે.

રાજકોટ વિભાગ થી દ્વારકા ,ઉના ,અંબાજી, સુરેન્દ્રનગર તથા પોરબંદર અને મહુવા રૂટ ઉપર વધુ ટ્રાફિક હોવાના કારણે આ રોડ પર દોડાવવામાં આવશે જેથી એ રૂટ ઉપર નક્કી કરી લેવામાં આવ્યું છે જેમાં રાજકોટથી દ્વારકાનું ભાડુ રૂા.૪૫૩, ઉનાનું રૂા.૫૪૨, અંબાજીનું રૂા.૭૧૭, સુરેન્દ્રનગરનું રૂા.૧૯૯, પોરબંદરનું રૂા.૩૫૪ અને મહુવાનું રૂા.૪૦૭ રાખવામાં આવેલ છે. નોંધનીય બાબત એ છે કે એસટી નિગમ દ્વારા છેલ્લા બે માસ દરમ્યાન જ કુલ ૮૦૦ નવી બસોની ફાળવણી રાજયમાં કરાઈ છે જેમાં મીની બસો ૩૪૯ અને સુપર એકસપ્રેસ ૪૫૧ છે. હજુ પણ ૧૦૬૩ બસો ટુંક સમયમાં એસટી નિગમ ફાળવશે.

### ઓનલાઇન, ઓફલાઇન કોઇપણ રીતે તમે બની શકો છો ગઠીયાઓનો શિકાર-સાવચેત રહો

# સરકારી નોકરીના નામે યુવાનોને પાંચ લાખનો ચૂનો

## બીજા કિસ્સામાં સરકારી આવાસમાં મકાન-દુકાન અપાવવાના નામે સાડા નવ લાખની થઇ ગઇ છેતરપીંડી




રાજકોટ, તા. ૧૦

ગઠીયાગીરીની ઘટનાઓમાં રોજબરોજ લોકો છેતરાઇ રહ્યા છે. ઓનલાઇન, ઓફલાઇન, જાણીતા, અજાણ્યા એમ ગમે તે ગમે તેનો ગરીયો કરી નાખતા હોય છે. આવી વધુ નવી ઘટનાઓ પોલીસ સુધી પહોંચી છે. જેમાં એક કિસ્સામાં નોકરી વાંચ્છુ યુવાનો સાથે ઠગાઇ થઇ છે. કાયમી નોકરીનીલાલચ આપી પાંચ લાખપડાવી લેવાયા હતાં. બીજા બનાવમાં હાઉસીંગ બોર્ડમાં મકાન-દુકાન આપવાના નામે સાડા નવ લાખની છેતરપીંડી કરવામાં આવી હતી.

પ્રથમ ઘટના જોઇએ તો વડોદરાના પાદરા તાલુકાના એક યુવાને બરોડા ડેરીમાં નોકરી અપાવવાના નામે લાખો રૂપિયાની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ નોંધાવી છે. ઇલેક્ટ્રિકલનો ધંધો કરતા અર્પિત પટેલ દ્વારા છેતરપિંડી અંગેની ફરિયાદ નોંધાવી છે. આ મામલે માંજલપુર પોલીસે કાર્યવાહી કરી હતી. પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે અર્પિત પટેલના માસી કાંતાબેન હરિચન્દ્ર પટેલના કાકા-સસરાના દીકરાના જમાઈ પ્રિતેશકુમાર ચીમનભાઈ પટેલે લગ્નપ્રસંગ દરમિયાન તેમને મળીને બરોડા ડેરીમાં ઇલેક્ટ્રિકલ મેન્ટેનન્સ ડિપાર્ટમેન્ટમાં નોકરીની તક હોવાની વાત કરી હતી. પ્રિતેશભાઈએ દાવો કર્યો હતો કે, જો તમે ચૌદ લાખ રૂપિયા આપો, તો હું તમને બરોડા ડેરીમાં કાયમી નોકરી અપાવી દઈશ. નોકરી ન મળે તો પૈસા પરત કરી દઈશ.

આમ કહીને તેણે પોતાની ઓળખાણ અને અધિકારીઓ સાથેના સંબંધોનો હવાલો આપીને વિશ્વાસ કેળવી છેતરપિંડી આચરી હતી. તેઓએ ફરિયાદમાં નોંધાવ્યું છે કે, ત્રિતેશ પટેલે તેમની ઓફિસ, જ્યુપિટર ચોકડી, જલારામ એન્ટર પ્રાઈઝ વડોદરા ખાતે બોલાવ્યા હતા. બાદ પ્રિતેશ પટેલે વોટ્સએપ નંબર પર બરોડા ડેરીનો કથિત જોઈનિંગ લેટર મોકલ્યો હતો. તે જ દિવસે દુષ્યંત રવિન્દ્રભાઈ શિરવી નામના વ્યક્તિએ ફોન કરીને ત્રિતેશના મિત્ર તરીકે ઓળખ આપી અને જોઈનિંગ લેટર તૈયાર હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ તેમણે ૫ લાખ રૂપિયા રોકડા લઈને આવવા કહ્યું હતું. ત્યારબાદ ફરિયાદીના સાસુ જયોતિબેન પાસેથી ૫ લાખ રૂપિયા રોકડા લઈને જ્યુપિટર ચોકડી ખાતે પહોંચ્યા હતા.

ત્યાં પ્રિતેશભાઈ, દુષ્યંતભાઈએ બરોડા ડેરી અને સુગમના લોગોવાળો કથિત જોઈનિંગ લેટર આપ્યો અને ૫ લાખ રૂપિયા લીધા હતા. બીજા દિવસે વધુ ૯ લાખ રૂપિયા રોકડા આપવામાં આવ્યા હતા. આમ કુલ ૧૪ લાખ રૂપિયામાં સોદો થયો હતો. બાદમાં પ્રિતેશભાઈ અને દુષ્યંતભાઈએ અર્પિતભાઈને બરોડા ડેરી ખાતે વેરિફિકેશન માટે બોલાવ્યા હતા, જ્યાં અન્ય સાત યુવાનો પણ નોકરી માટે આવ્યા હતા. પ્રિતેશભાઈ અને દુષ્યંતભાઈએ તેમને બરોડા ડેરીના ગેટથી અંદર લઈ જઈને પંચિંગ મશીન પાસે બેસાડ્યા હતા. ત્યાંથી જોઈનિંગ લેટર લઈને ઓફિસમાં જમા કરાવવાનું કહ્યું, પરંતુ થોડીવાર બાદ પરત આવીને જણાવ્યું કે પંચિંગના મેડમ પાંચ દિવસ પછી આવશે, તમે પછી આવજો. તેમણે એક વોટ્સએપ ગ્રૂપ બરોડા ડેરી જોઇન્સ બનાવવા જણાવ્યું, જેમા નવ સભ્યો જોડાયા હતાં. જેમાં પ્રિતેશભાઈ અને દુષ્યંતભાઈ પણ સામેલ હતા. પરંતુ આજદીન સુધી નોકરી ન મળતા માંજલપુર પોલીસ મથકમાં છેતરપીંડીની ફરિયાદ દાખલ કરાવી હતી.

બીજા બનાવમાં સરકારી યોજનામાં મકાન-દુકાન અપાવવાના બહાને જુદા જુદા વિસ્તારોમાં ગઠિયા ટોળકી સક્રિય થઈ છે. જુહાપુરામાં રહેતા એક વ્યક્તિએ તેના બનેવી ગુજરાત હાઉસિંગ બોર્ડમાં મોટા સાહેબ હોવાનું કહીને દુકાન-મકાન અપાવવાના બહાને ૬ જણાં પાસેથી રૂ.૯.૬૦ લાખ પડાવી લીધા હતા. જ્યારે ઘાટલોડિયાના એક યુવકને ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ (ગુડા)ની યોજનામાં મકાન આપવાનું કહીને ગઠિયાએ રૂ.૮.૯૯ લાખ પડાવી લીધા હતા. આ બંને કિસ્સામાં ભોગ બનનારને પૈસા ભર્યાની ખોટી રશીદો પણ આપવામાં આવી હતી.

પરંતુ મકાન કે દુકાન નહીં ફાળવતા શંકા જતા આખરે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ચાણકયાપુરી સેકટર-૫માં રહેતા ભૌમિક પટેલ મામાના દીકરા જિજ્ઞેશ મારફતે ચેતનકુમાર વકેરીયાના સંપર્કમાં આવ્યા હતા. ત્યારે ચેતનકુમારે તેમને કહ્યું હતું કે મેં અને મારા બનેવી એ ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ(ગુડાભવન) નું મકાનનું ફોર્મ ભર્યું હતું. જેમાં અમને લગભગ મકાન લાગી ગયું છે. તમારે ફોર્મ ભરવું હોય તો કહેજો તેવું કહેતા ભૌમિકભાઈએ તેમના ભાઈ ધવલભાઈ માટે મકાન લેવાની વાત કરી હતી. જેમાં ચેતનકુમારે ફોર્મની ફી પેટે રૂ.૭૭૦૦ અને મેન્ટેનન્સ પેટે રૂ.૫૧ હજાર લીધા હતા. બાદમાં દસ્તાવેજ પહેલાં રૂ.૬.૧૨ લાખ ભરવા પડશે. તેવું કહીને તેમની પાસે જુદા જુદા સમયે કુલ રૂ.૮.૯૯ લાખ પડાવી લીધા હતા.

જેની સામે ચેતનકુમારે તેમને ગુડામાં પૈસા ભર્યાની રસીદો પણ આપી હતી. આટલું જ નહીં ભૌમિકભાઈને મહેસાણા જિલ્લાના વિજાપુરના ધનપુરા ગામની ટપાલ આવી હતી. જેમાં ધવલભાઈને ગુડામાં મકાન લાગ્યુ હોવાથી ગુડા ભવન ખાતે હાજર રહેવા લખ્યુ હતુ. જેથી ભૌમિકભાઈએ તે ટપાલ વિશે ચેતનકુમારને તે વાતની જાણ કરતા ફોન બંધ કરીને અંડર ગ્રાઉન્ડ થઈ ગયો હતો. ભૌમિકભાઈ ગુડાની ઓફિસમાં તપાસ કરતાં તેમનું ફોર્મ જ આવ્યું ન હોવાનો ઘટસ્ફોટ થતાં તેમણે સોલા હાઈકોર્ટ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

### હવસખોરો, વિકૃતીયાઓ કયા સ્વરૂપે ક્યાં ભેટી જાય તે નક્કી નહિઃ વધુ એક લાલબત્તી સમાન ઘટના

# બે દિકરીના બાપે શિક્ષીકાને ફસાવી આચર્યુ દૂષ્કર્મ

## વિડીયોને આધારે બ્લેકમેઈલ કરી પાંચ લાખ પણ પડાવ્યાઃ બીજી ઘટનામાં બહેનને હેરાન કરતો હતો સગો ભાઈઃ પોલીસે ભણાવ્યો પાઠ

રાજકોટ, તા. ૧૦

સગીરાઓ, યુવતિઓ, પરિણીતાઓ કે વિધવાઓને ફસાવીને દૂષ્કર્મ આચરવાના કિસ્સાઓ રોજબરોજ પોલીસ ચોપડે ચડતા રહે છે. આ પ્રકારની ઘટનાઓમાં પોલીસ કડક કાર્યવાહી કરી વિકૃત હવસખોરોને જેલભેગા કરે છે. જો કે આમ છતાં આવી ઘટનાઓ સતત બનતી જ રહે છે. હવે એક ચોંકાવનારા બનાવમાં બે દિકરીના બાપ એવા શખ્સે એક શિક્ષીકાને પ્રેમજાળમાં ફસાવી તેનો દેહ પીંખ્યો હતો. શારીરિક શોષણ કરવાની સાથે સાથે આર્થિક શોષણ કરી પાંચ લાખ જેવી રોકડ પણ પડાવી લીધી હતી.

ચોંકાવનારી અને લાલબત્તી સમાન વિગતો પર નજર કરીએ તો આ ઘટના સુરતના ડિંડોલી વિસ્તારમાં બની છે. અહિ એક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતી પરીણિતાને બે દીકરીના પિતાએ પ્રેમજાળવામાં ફસાવી હોટલમાં લઇ જઈ દુષ્કર્મ આચર્યું હતું. સંબંધ બાંધ્યા બાદ કોઈને કોઈ બહાના હેઠળ ટુકડે ટુકડે કરીને ઓનલાઈન રૂ. ૫ લાખ પણ પડાવી લીધા હતા. આ મામલે ભોગબનનાર શિક્ષિકાએ ડિંડોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આજથી દોઢ વર્ષ પહેલા ડિંડોલી વિસ્તારમાં એક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતી બે સંતાનની માતાના વર્ગમાં બે બાળકી ભણવા આવતી હતી.

દરમિયાન દીકરીનો પિતા વિજય અર્જુન આગળે શાળામાં વર્ગ શિક્ષકને અભ્યાસ બાબતે મળતો રહેતો હતો. શિક્ષિકા વાલી તરીકે વિજય આગળેને મળતી હતી. દરમિયાન દોઢ વર્ષના સમયગાળામાં શિક્ષિકાના પતિની નાદુરસ્ત તબિયત ઉપરાંત બન્નેની આંખ મળી ગઈ હોવાથી વિજય આગળેએ શિક્ષિકાની પરિસ્થિતિનો



ગેરલાભ લઈ તેને વાતોમાં ભોળવી લીધી હતી. વિજય આગળે શિક્ષિકાને અવાર-નવાર હોટલમાં લઈ જઈ શારીરિક સંબંધો બાંધી અંગત પળોના વીડિયો પણ ઉતારી લીધા હતા જેના આધારે બ્લેકમેઈલ કરી શિક્ષિકાને ધાક ધમકી આપી પાંચ લાખ પડાવી લીધા હતા. બે સંતાનની માતા એવી શિક્ષિકાએ આગળ સંબંધ રાખવાનું ના કહેતા તેને ચપ્પુ બતાવીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેથી આખરે આ મામલે ડિંડોલી પોલીસ મથકમાં વિજય અર્જુન આગળે વિરૂધ્ધ શિક્ષિકાએ દુષ્કર્મની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

બીજી એક ચોંકાવનારી ઘટના અમદાવાદમાં સામે આવી હતી. શહેરના ચાંદખેડા વિસ્તારમાં પરિવારના ત્રાસથી કંટાળીને એક દિવ્યાંગ મહિલાએ મદદ માટે ૧૮૧ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. હેલ્પલાઈન ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી મહિલાનું કાઉન્સિલિંગ કર્યું હતું. આ દરમિયાન ચોંકાવનારી વિગતો સામે આવી હતી. મહિલાએ જણાવ્યું હતું કે, તે પોતાની નાની બહેનના પતિ સાથેના આડાસંબંધોને કારણે ઘરેથી ભાગી ગઈ હતી. આ વાતની જાણ થતાં તેના પરિવારજનો અને ખાસ કરીને બહેને ભારે વિરોધ કર્યો હતો. મહિલાના બહેનના પતિ પણ તેને પોતાની સાથે રાખવા માંગતા હતા, પરંતુ તેમની કાયદેસરની પત્નિ એટલે કે પીડિતાની બહેને છૂટાછેડા આપવાની ના પાડી હતી.

આ સમગ્ર ઘટનામાં મહિલાનો સગો ભાઈ પણ તેને શારીરિક સંબંધો માટે હેરાન કરતો હતો, જેના કારણે પીડિતાએ પરિવાર સાથે પાછા જવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો. આખરે, અભયમ ટીમે પરિસ્થિતિની ગંભીરતા સમજીને મહિલાને સોલા સિવિલના સખી વન સ્ટોપ સેન્ટરમાં આશ્રય અપાવ્યો હતો. આશ્રય મળતા પીડિતાએ અભયમ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમજ તેણીને હેરાન કરનારાઓને કાયદાની ભાષામાં સમજાવ્યા હતાં.

### સત્તર વર્ષની મનોદિવ્યાંગ દિકરી સાથે વારેઘડીએ દૂષ્કર્મ આચર્યુ : પપ્પુનું પાપ અંતે છાપરે ચડ્યું

# સાવકાબાપની શૈતાનિયત

## દિકરીનો દેહ પીંખી ગર્ભ રાખી દીધો

### દૂષ્કર્મની બીજી ઘટનામાં પંદર વર્ષની બાળાને પ્રેમના પાઠ ભણાવી ઢગાનો વારંવાર બળાત્કારઃ બાળાએ કંટાળીને માતાને જાણ કરતાં દાખલ થઇ FIR



રાજકોટ, તા. ૧૦

વિકૃત હવસખોરો કઇ હદ સુધી જતાં હોય છે તેના પુરાવા આપતાં ખળભળાટ મચાવતાં કિસ્સા તાજેતરમાં બની ચુક્યા છે. એક બનાવમાં સાવકા બાપે દિકરી સાથે દૂષ્કર્મ આચરી લીધુ હતું. તો એક બનાવમાં કુટુંબી બહેનને ભાઇએ હવસખોરીનો શિકાર બનાવી હતી. ત્રીજા બનાવમાં સગા ભાઇએ બહેનનો દેહ છરીની અણીએ પીંખી નાંખ્યો હતો. ત્યાં હવે એક કિસ્સામાં મનોદિવ્યાંગ બાળા તેના જ સાવકા બાપની હવસખોરીનો ભોગ બની છે. શૈતાન સાવકા બાપે અસ્થિર મગજની દિકરી સાથે વારંવાર બળજબરી આચરી લેતાં તેણી ગર્ભવતી બની ગઇ હતી! બાપનું આ પાપ છાપરે ચડીને પોકારતાં પોલીસે એફઆઇઆર દાખલ કરી આ હવસખોરને ઝડપી લેવાની તજવીજ કરી હતી. બીજી ઘટનામાં એક સગીરાને પ્રેમજાળમાં ફસાવી હવસખોરે તેણીને પોતાના ઘરે રાખી વારંવાર બળાત્કાર ગુજાર્યો હતો.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો આણંદના આંકલાવ તાલુકાના અંબાવ ગામે એક સગીરાની માનસિક અસ્થિરતાનો લાભ લઈ સાવકા પિતાએ દુષ્કર્મ ગુજારી સગીરાને ગર્ભવતી બનાવી દેતા આંકલાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. આંકલાવ તાલુકાના અંબાવ ગામે રહેતા ચેતન ઉર્ફે પપ્પુ રમણભાઈ પઢીયારે લગભગ છ માસ પહેલા સત્તર વર્ષની મનોદિવ્યાંગ પાલક દિકરી ઉપર નજર બગાડી સગીરાની માનસિક અસ્થિરતાનો લાભ લઈ તેણીને પટાવી ફોસલાવી અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું. જેથી સગીરાને ગર્ભ રહી ગયો હતો સગીરાની તબિયત લથડતા તેણીને હોસ્પિટલમાં લઈ જતા તેણીને ગર્ભ રહ્યો હોવાનું નિદાન થયું હતું. જેથી આંકલાવ પોલીસે ચેતન ઉર્ફે પપ્પુ રમણભાઈ પઢીયાર વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી

બીજી ઘટના જામનગરની છે. અહિ રહેતી પંદર વર્ષની વયની એક સગીરાને પ્રેમજાળમાં ફસાવીને અવાર-નવાર પોતાના ઘરે લઈ જઈને એક વર્ષ સુધી બળજબરીથી દુષ્કર્મ આચર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાતા ચકચાર જાગી છે. પોલીસે સગીરાને તબીબી પરીક્ષણ માટે મોકલી આપી છે, જ્યારે દુષ્કર્મ ગુજારનાર આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે. પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ શહેરની પંદર વર્ષની સગીરાને ગોલ્ડન સીટી સામે ગોકુલધામ તંબોલી ભુવનમાં રહેતા ચેતન ઉર્ફે સાગર હીતેશભાઈ પરમાર નામના શખ્સે પ્રેમજાળમાં ફસાવી હતી. જે બાદ સગીરાને લગ્નની લાલચ આપીને છેલ્લા એકાદ વર્ષથી પોતાના ઘરે લઈ જઈને બળજબરીથી દુષ્કર્મ આચરતો હતો.

આ મામલે અંતે સગીરાએ પોતાની માતાને સમગ્ર હકીકત જણાવી દીધી હતી. જેથી સગીરાને સાથે રાખીને તેની માતા એ સીટી સી. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે દુષ્કર્મ, અને પોક્સોની કલમ હેઠળ ગુનો નોંધી સગીરાને તબીબી પરીક્ષણ માટે મહિલા કોન્સ્ટેબલને સાથે રાખીને જી.જી.હોસ્પિટલમાં મોકલી દેવામાં આવી હતી. જ્યારે બનાવની ગંભીરતાને ધ્યાને લઈને આરોપી ચેતન ઉર્ફે સાગરની પોલીસે અટકાયત કરી લેવામાં આવી છે. જેને રીમાન્ડ પર લેવા માટેની તજવીજ હાથ ધરાઈ છે.

### અપમૃત્યુનો આઘાત આપતો સિલસિલો : વધુ પાંચ પરિવારોને ધકેલી દીધા ગમગીનીમાં

# માતા-પિતા સાથે ફંગોળાયેલા ચાર મહિનાના દિકરાનો જીવ ગયો

## ઈકો ગાડીના ચાલકે મોટરસાઇકલને ઉલાળતાં બની ઘટનાઃ ઝેરી દવાવાળુ પાણી પી જતાં વૃધ્ધનું, ઝેર પી જતાં મહિલાનું મોત : બેભાન હાલતમાં બે યુવાનની જિંદગી ખતમ થઇ

રાજકોટ, તા. ૧૦

અપમૃત્યુની ઘટનાઓના સિલસિલાએ વધુ પાંચ પરિવારોમાં ગમગીની ફેલાવી દીધી છે. રોજબરોજ કોઇને કોઇ રીતે કોઇને કોઇ પરિવારના સ્વજનની જિંદગી ખતમ થઇ જતી હોય છે. દરમિયાન જીવલેણ વાહન અકસ્માતના બનાવમાં માતા-પિતા સાથે મોટરસાઇકલ સહિત ફંગોળાઇ જતાં ચાર જ મહિનાની આયુ ધરાવતાં બાળકનું મોત થઇ ગયું હતું. બીજી એક ઘટનામાં એક મહિલાએ ઝેરી દવા પી લેતાં તેનું મૃત્યુ થયું હતું. જ્યારે ત્રીજા બનાવમાં વાડીએ ભુલથી ઝેરી દવાવાળુ પાણી પી લેતાં એક વૃધ્ધનો જીવ ગયો . એક બનાવમાં રેલ્વે સ્ટેશને ઢળી પડતાં યુવાનની જિંદગીની સફરનો અંત આવી ગયો હતો. જ્યારે પાંચમા બનાવમાં યુવાનનું ઘરે બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયું હતું.



વિગતો પર નજર કરીએ તો રાજકોટના સરધાર નજીકના લોધીડા ગામની સીમમાં ઈકો કારના ચાલકે બાઇકને ઠોકરે ચડાવતાં બાઇક પર સવાર દંપતિ અને ૪ મહિનાનો પુત્ર ફંગોળાઇ જતાં ત્રણેયને ઇજાઓ થઇ હતી. સારવાર માટે રાજકોટ ખસેડાયા બાદ માસુમ નવજાત દિકરાનું મોત થયું હતું. પિતાને પ્રાથમિક સારવાર અપાઇ હતી અને અને બાળકની માતાને સારવાર માટે દાખલ કરવામાં આવી હતી. આ બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો. લોધીડા ગામે રહેતો શંભુ જોતીયાભાઇ સોલંકી નામનો પાંત્રીસ વર્ષનો યુવાન મોટરસાઇકલમાં પત્નિ અઠ્ઠાવીસ વર્ષની સુમીત્રાદેવીને અને પુત્ર રોહિત કે જે ચાર જ મહિનાનો હતો તેને બેસાડી લોધીડા ગામમાંથી સીમ વિસ્તારમાં આવેલી વાડીએ જતો હતો ત્યારે ગામની સીમમાં તેના મોટરસાઇકલને ઇકો કારના ચાલકે ઉલાળી દીધો હતો.

આ કારણે ત્રણેયને ઇજાઓ થતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં શંભુ સોલંકીને સામાન્ય ઇજા થઇ હોઇ પ્રાથમિક સારવાર અપાઇ હતી. જ્યારે તેની પત્નિ સુમિત્રાદેવીને પગમાં ગંભીર ઇજા થતાં સારવાર માટે દાખલ કરવામાં આવી હતી. બીજી તરફ દિકરા રોહિતનું સારવાર દરમિયાન મૃત્યુ થતાં કલ્પાંત સર્જાયો હતો. શંભુના કહેવા મુજબ પોતે મુળ એમપીના ધાર જીલ્લાનો વતની છે. અહિ ભાગીયુ રાખી ખેત મજૂરી કરે છે. સંતાનમાં બે દિકરા અને બે દિકરી છે. આજીડેમ પોલીસે લોધીડામાં જ રહેતાં ઇકો કારના ચાલક સામે કાર્યવાહી હાથ ધરી હતી.

બીજી ઘટના પર નજર કરીએ તો ટંકારા તાબેના વાછકપર ગામે એક મહિલા વાડીએ ઝેરી દવા પી જતાં મોત નિપજતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. જાણવા મળ્યા મુજબ વાછકપર ગામે રહેતાં છત્રીસ વર્ષના કૃપાલીબેન હીરાભાઇ સાકરીયા નામના મહિલા ખેતરમાં હતાં ત્યારે ત્યાં પાકમાં છાંટવાની દવા પી જતાં સ્થાનિક હોસ્પિટલમાં સારવાર અપાવી રાજકોટ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. અહિ તેમણે અંતિમશ્વાસ લઇ લેતાં ગાંધીગ્રામ પોલીસને જાણ થતાં હેડકોન્સ. રવિભાઇએ જરૂરી કાર્યવાહી કરી ટંકારા જાણ કરી હતી. ત્રીજા બનાવમાં હળવદના ચાડધરા ગામે વાડીએ ખેતરમાં છાંટવા માટે ડોલમાં પાણીમાં દવા ભેળવીને રાખી હોઇ ભુલથી વૃધ્ધ આ ડોલમાંથી પાણી પી જતાં મોત થયું હતું. વિગતો જોઇએ તો ચાડધરા ગામે રહેતાં ત્રેસઠ વર્ષના જેસીંગભાઇ નરસીભાઇ રાણેવડીયાએ વાડીએ હતાં ત્યારે ઝેરી દવાવાળુ પાણી જે ડોલમાં ભર્યુ હોઇ તેમાંથી ભુલથી પી લેતાં ઝેરી અસર થતાં મોરબી ખાનગી હોસ્પિટલમાં સારવાર અપાવી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ મૃત્યુ થયું હતું. તેઓ જેસીંગભાઇ ત્રણ બહેન અને ચાર ભાઇમાં બીજા નંબરે હતાં. સંતાનમાં ચાર દિકરી અને બે દિકરા છે.

અપમૃત્યુના ચોથા બનાવમાં આજીડેમ ચોકડી નજીક જીઆઇડીસી વિસ્તારમાં રહેતાં મુળ રાજસ્થાનના પ્રતાપગઢના આનંદરામ ચેનાજી સોલંકી નામના એકતાલીસ વર્ષના યુવાન રાજકોટ જંકશન રેલ્વે સ્ટેશને પ્લેટફોર્મ નંબર-૧ ઉપર એકાએક બેભાન થઇ જતાં ૧૦૮ બોલાવાઇ હતી. તેના તબિબે તેમને મૃત જાહેર કરતાં રેલ્વે પોલીસ સ્ટેશનના એએસઆઇ કમલેશભાઇએ જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ આનંદરામ હાલ રાજકોટ રહી મજૂરી કરતાં હતાં. તેને સંતાનમાં પાંચ પુત્ર છે. તે વતન આટો મારવા ગયા હતાં અને સિકંદરાબાદ રાજકોટ ટ્રેનમાં બેસી પરત રાજકોટ આવ્યા ત્યારે આ બનાવ બન્યો હતો. તેને શ્વાસની બિમારી હોવાનુ સગાએ કહ્યું હતું. મોતનું કારણ જાણવા પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

જયારે પાંચમી ઘટનામાં ચુનારાવાડ-૫માં તેમજ બેડીપરા શ્રમજીવમાં રહેતાં રમેશભાઇ ભાનુભાઇ પરમાર નામના યુવાન આડત્રીસ વર્ષના યુવાન ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તે સફાઇ કામ કરી ગુજરાન ચલાવતાં હતાં. એક બહેન અને ત્રણ ભાઇમાં વચેટ હતાં તથા સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. બિમારીથી મૃત્યુ થયાનું સગાએ કહ્યું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકી મારફત થતાં થોરાળા પોલીસે કાર્યવાહી કરી હતી. તમામ ઘટનાઓમાં હોસ્પિટલ પોલીસ ચોકીના આસી. સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, અમૃતભાઇ મકવાણા, ધર્મેન્દ્રભાઇ, પ્રકાશભાઇએ જે તે પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં જરૂરી કાર્યવાહી થઇ હતી. આ ઘટનાઓમાં સ્વજનો ગુમાવનારા પરિવારોમાં શોક વ્યાપી ગયો હતો.

### ગઠીયાઓ ગમે તનું કરી નાખવા નીકળે પછી એ પણ ન જુએ કે સામે કોણ છે?!

# ‘તરબૂચ’ના મહિલા વેપારીને પાંચ લાખનું ‘બૂચ’

## વિશ્વાસ કેળવી એકસઠ ટન તરબૂચ લઈ જઈ એક લાખ સાંઈઠ હજાર જ ચુકવ્યાઃ બાકીના ચાર લાખ પંચ્યાસી હજાર ખાઈ ગયો

રાજકોટ, તા. ૧૦

ગઠીયાઓ લેભાગુઓ કે જેમને બીજાનું કરી જ નાખવુ છે અને પોતાના ગજવા ગમે તેમ કરીને ભરવા છે તે પોતે જેને છેતરી રહ્યા છે એ કોણ છે તેની પણ પરવા કરતાં નથી. ઠગાઇની આવી જ એક ઘટના સામે આવી છે જેમાં તરબૂચના મહિલા વેપારીને લેભાગુ પાંચ લાખનું બૂચ મારી ગયો છે. વિશ્વાસ કેળવીને મહિલા વેપારી પાસેથી એકસઠ ટન તરબૂચ ખરીદી તેની સામે એક લાખ સાંઇઠ હજાર રૂપિયા ચુકવી બાકીના ચાર લાખ પંચ્યાસી હજાર પછી આપી દેશે તેમ કહેનારે બાદમાં આ રકમ ન આપી બૂચ મારી દેતાં મહિલા વેપારી પોલીસ પાસે દોડી જતાં એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરવામાં આવી છે.

વિગતો પર નજર કરીએ તો આ ઘટના સયાજીપુરા એપીએમસી માર્કેટ ખાતે રૂ. ૬.૪૫ લાખની કિંમતના તરબૂચની ખરીદી કર્યા બાદ રૂ. ૪.૮૫ લાખ ઉપરાંતની બાકી રકમ ન ચૂકવી ઠગાઈ મામલે ટેમ્પો ચાલક સામે મહિલા વેપારીએ ફરિયાદ નોંધાવી હતી. મૂળ છોટાઉદેપુરના વતની અને હાલ વાઘોડિયા રોડ બરોડા ખાતે રહેતા ઉષાબેન જેસીંગભાઇ દેવીપુજક ફ્રુટની લારી ચલાવે છે. તેમણે ફરિયાદમાં કહ્યું હતું કે, છ મહિના અગાઉ સયાજીપુરા એપીએમસી માર્કેટ ખાતે ફ્રુટ વેચવા ગઈ હતી તે વખતે ટેમ્પો ચાલક ક કે જે નર્મદાના નીકોલી ગામનો વતની છે તે યોગેશ શૈલેષભાઈ વસાવા તરબૂચ ખરીદવા માંગતા હોય અલગ અલગ સમયે ૬૧ટન વજન ધરાવતા રૂ. ૬,૪૫,૫૪૩ની કિંમતના તરબૂચ આપ્યા હતા. તેની સામે યોગેશ વસાવાએ અમને રૂ. ૧.૬૦ લાખ આપ્યા હતા અને રૂ. ૪,૮૫,૪૪૩ બાકી હતા.

ત્યારબાદ બાકી રકમ ચૂકવવા યોગેશભાઈએ બે ચેક આપ્યા હતા. પરંતુ બેંકમાં ડિપોઝિટ કરવાની ના પાડતા અમે રાજપીપળા પહોંચ્યા હતા. જ્યાં યોગેશભાઈએ બાકીની રકમ થોડા દિવસમાં ચૂકવવાની શરતે નોટરી સમક્ષ કરાર કરી આપ્યો હતો. મુદત વિતવા છતાં બાકીની રકમ ન આપતા રાજપીપળા એસપી કચેરી ખાતે અરજી આપી હતી. ઉક્ત ફરિયાદ સંદર્ભે કપુરાઇ પોલીસે આરોપી વિરુદ્ધ વિશ્વાસઘાત ,છેતરપિંડી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતા.




પૂરગ્રસ્તની સહાયના નામે દાન ઉઘરાવવા ગઠીયાઓ ઉતર્યા છે મેદાને : ચેતતા રહેજો આવા લેભાગુઓથી

બીજી તરફ દેશમાં અનેક રાજ્યોમાં હાલ વરસાદી પુરને કારણે હાલત ખરાબ છે ત્યારે અમુક ગઠીયાઓ આવી હાલતનો પણ ગેરફાયદો ઉઠાવવા હાલી નીકળ્યા છે. નડીયામાં આવા તત્વો સક્રિય થયા છે જે પંજાબના પુરગ્રસ્ત લોકોની સહાયના નામે દાન ઉઘરાવી ઠગાઇ કરી રહ્યા છે. પંજાબમાં પૂરની વિકટ પરિસ્થિતિ વચ્ચે હાલમાં ખેડા જિલ્લાના નડિયાદમાં છેતરપિંડી કરતી ટોળકી સક્રિય થઈ છે. પંજાબ પૂર. પિડીતો માટે મદદ ના બહાને આ ટોળકી દ્વારા છેતરપિંડી આચરવામાં આવી રહી છે અને દાનના નામે પૈસા ઉઘરાવવામાં આવી રહ્યા છે.જે બાબત નડિયાદના ગુરુદ્વારાના સંચાલકોના ધ્યાને આવતાં તેમના દ્વારા લોકોને આવા તત્વોને કોઈ પણ પ્રકારનું દાન ન કરવાની અપીલ કરવામાં આવી છે. પંજાબમાં પૂરની સ્થિતિ અત્યંત વિકટ અને ગંભીર બની છે. ત્યારે પંજાબમાં રહેતા લોકોની મજબૂરીનો ફાયદો ખેડા જિલ્લાના નડિયાદમાં કેટલાક લેભાગુ તત્વો ઉપાડી રહ્યા છે.

વધુ માહિતી અનુસાર નડિયાદમાં પંજાબમાં પૂરી ગ્રસ્ત લોકો માટે દાન ઉઘરાવવાના નામે પૈસા પડાવતી ટોળકી સક્રિય થઈ છે. આ ટોળકી દ્વારા નડિયાદ શહેર અને આસપાસના વિસ્તારોમાં ઘરે ઘરે જઈને પંજાબના પૂર પિડીતો માટે આર્થિક સહાય આપવાનું કહીને લોકો સાથે છેતરપિંડી આચરવામાં આવી રહી છે. સમગ્ર મામલો નડિયાદના ગુરુદ્વારા ના સંચાલકોના ધ્યાન ઉપર આવતા તેમના દ્વારા શહેરીજનોને ગુરુદ્વારા તરફથી આવું કોઈ પણ દાન ઉઘરાવવામાં આવી રહ્યું ન હોવાનું જણાવી આવા લેભાગુ તત્વોને પૈસા ન આપવા અપીલ કરવામાં આવી હતી. પૂર પિડીતો માટે જો કોઈને દાન કરવું હોય તો નડિયાદના ગુરુદ્વારામાં જ દાન કરવાનું પણ કહેવામાં આવ્યું હતું, જેથી કરીને દાન યોગ્ય જરૂરિયાતમંદો સુધી પહોંચી શકે. તેમ જણાવાયુ હતું.

### રૈયા ટેલિફોન એક્ષચેન્જ પાસે ઓફિસ ચલાવતાં યુવાનને ઓનલાઇન બૂકીંગ મળતાં ત્રણ ગાડી લઇને ગયા હતાં

# રૈયાધારમાં ટોળકીની બાકાઝીકીઃ ત્રણ કારના કાચ ફોડ્યો

## ઓફિસ સંચાલક અને અન્ય બે ચાલકો સ્કોર્પિયો, આઇ ટ્વેન્ટી, સ્વીફ્ટ ગાડી બૂક કરાવનારને પહોંચાડવા જતાં અજાણ્યા ટોળાએ ધોકા-બાટલીઓના ઘા કરી નુકસાન કર્યુઃ કારણ અને હુમલાખોરો અંગે તપાસ











રાજકોટ, તા. ૧૦

રંગીલા મોજીલા શહેરમાં આમ તો લોકો શાંતિથી મોજથી રહેતાં હોય છે. પરંતુ અમુક તમુક તત્વો એવા હોય છે જે શાંતિમાં પલીતો ચાંપતા રહે છે અને પોતપોતાની રીતે બાકાઝીકી કરી પોલીસને દોડાવતાં રહે છે. અમુક સરાજાહેર કાયદાની ઐસીતૈસી કરતાં હોય છે તો અમુક પોલીસની હાજરીમાં પણ ઘણીવાર કાયદા કાનૂનનો ભંગ કરી લેતાં હોય છે. દરમિયાન રૈયાધાર વિસ્તારમાં સવારના પ્હોરમાં કાર ભાડે આપવાની હોઇ ત્રણ ગાડી લઇને ગયેલા યુવાનની ત્રણેય કારમાં અજાણ્યા શખ્સોએ ધોકા અને સોડા બોટલોના ઘા ફટકારી તોડફોડ કરી નુકસાન પહોંચાડતાં યુવાનને ગાડીઓ ભગાવવી મુકી પડી હતી. આ મામલે પોલીસને જાણ થતાં તપાસ શરૂ કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં રેલનગરમાં રહેતાં અને રૈયા ટેલિફોન એક્ષચેન્જ પાસે ઓફિસ રાખી સેલ્ફ ડ્રાઇવમાં કાર ભાડે આપવાનું કામ કરતાં અને રૈયા ટેલિફોન એક્ષચેન્જ પાસે ઓફિસ ધરાવતાં રેલનગરના યુવાનને ત્રણ કારનું ઓનલાઇન બૂકીંગ મળતાં વહેલી સવારે સાડા પાંચેક વાગ્યે તે આઇ-ટ્વેન્ટી, સ્કોર્પિયો અને સ્વીફ્ટ કાર બૂકીંગના સ્થળ રૈયાધારમાં આ ગાડીઓ પહોંચાડવા ગયા ત્યાં જ અજાણ્યા શખ્સોએ ધોકા અને સોડા બોટલોના ઘા કરતાં દેકારો મચી ગયો હતો.

આ રીતે ઓચીંતા બોટલો, ધોકાના ઘા અજાણ્યા શખ્સોએ કરતાં ગાડીઓના કાચ ફુટી ગયા હતાં. આથી ત્રણેય ગાડીઓ ચાલકોએ ભગાવી મુકી હતી. જેથી વધુ નુકસાન થતું અટક્યું હતું. કાર માલિક અન્ય બે ચાલકો સાથે તોડફોડ થયેલી કાર સાથે યુનિવર્સિટી પોલીસ સ્ટેશને પહોંચ્યા હતાં અને પોલીસને જાણ કરી હતી. વધુ માહિતી જોઇએ તો રેલનગરમાં રહેતાં પરમવીરસિંહ વિજયસિંહ ઝાલા નામના યુવાન રૈયા ટેલિફોન એક્ષચેન્જ પાસે ઓફિસ રાખી કાર સેલ્ફમાં ભાડે આપવાનું કામ કરે છે. તેણે જણાવ્યું હતું કે અમને ઓનલાઇન કાર બૂકીંગ મળતાં નક્કી થયેલી કાર આઇ-ટ્વેન્ટી, સ્કોર્પિયો અને સ્વીફ્ટ લઇને હું તથા બીજા બે જણા સવારે સાડા પાંચેક વાગ્યે રૈયાધાર પહોંચ્યા હતાં.

રાણીમા રૂડીમા ચોકમાં કાર ભાડેથી મંગાવાઇ હોઇ અમે ત્યાં જઇને કાર ઉભી રાખતા જ અજાણ્યા શખ્સો ધોકા-સોડા બોટલો સાથે આવ્યા હતાં. અમને કંઇક અજુગતુ લાગતાં જ મેં અને સાથેના બીજા બે જણાએ અમારી ગાડીઓ પાછી વાળી ભગાવી મુકી હતી. પણ ટોળાએ પાછળ દોડી ધોકા ફટકારી બોટલોના ઘા કરતાં ગાડીઓમાં કાચ ફુટી જતાં નુકસાન થયું હતું. આ પછી અમે તરત જ યુનિવર્સિટી પોલીસ સ્ટેશને પહોંચ્યા હતાં અને લેખિત ફરિયાદ કરી હતી. તોડફોડ કરનારા શખ્સો કોણ હતાં અને શા માટે તેણે તોડફોડ કરી તેની મને ખબર નથી. ુનિવર્સિટી પોલીસ દ્વારા આ મામલે તપાસ હાથ ધરવામાં આવી હતી. ઓનલાઇન બૂકીંગ કરાવનાર કોણ? કોણે અને શા માટે તોડફોડ કરી? તેની તપાસ થઇ રહી છે. આ બનાવે રૈયાધારમાં ચકચાર જગાવી દીધી છે.

---

### પૈસા બધાને કમાવવાની ઇચ્છા હોય છે પણ ખોટો રસ્તો લઇ જાય જેલ સુધી

# મજા કરવા ચાર ચિલઝડપ કરી...પાંચમો ગુનો આચરે એ પહેલા બે મિત્ર જલાઇ ગયા

### ગાંધીગ્રામ વિસ્તારમાં મહિલાઓને નિશાન બનાવી ચેઇન ખેંચ્યા હતાં

### ક્રાઇમ બ્રાંચે પકડી ચોરાઇ ચેઇન ખરીદનારા સોનીને પણ લીધો સાણસામાં



રાજકોટ, તા. ૧૦

મોજશોખ પુરા કરવા અલગ અલગ લોકો મહેનત મજદૂરી, નોકરી ધંધા કરતાં હોય છે. સારા અને સાચા કામ કરીને લોકો પૈસા કમાતા હોય છે અને પોતાનું પરિવારજનોનું ગુજરાન ચલાવતાં હોય છે. પરંતુ અમુક એવા હોય છે જે ખોટા રસ્તે ચડી જતાં હોય છે. મોટે ભાગે આ રસ્તો તેને પોલીસ સ્ટેશન અને બાદમાં જેલની સફર સુધી લઇ જતો હોય છે. આવા જ બે શખ્સોને ક્રાઇમ બ્રાંચે પકડ્યા છે. જે લોધીકાના ઇટાળા ગામેથી રાજકોટ આવી મહિલાઓના ગળા અડવા કરી નાંખતા હતાં. ચેઇનની ચિલઝડપના ચાર ગુના આ બંનેને પકડીને પોલીસે ઉકેલ્યા છે. મોજશોખ પુરા કરવા તે આવા રવાડે ચડી ગયા હતાં. સવા પાંચ લાખના તૂટેલા સોનાના ચેઇન વાહન મોબાઇલ ફોન પોલીસે કબ્જે કર્યા હતાં.

તાજેતરમાં જ ગાંધીગ્રામ પોલીસ મથકની હદમાં ઉપરાઉપર ચિલઝડપના ચાર બનાવ બન્યા હતાં. આ ગુનાઓને ઉકેલવા માટે ક્રાઇમ બ્રાંચ, ગાંધીગ્રામ ડી. સ્ટાફ, એલસીબી ઝોન-૨ની ટીમો મહેનત કરી રહી હતી. દરમિયાન ક્રાઇમ બ્રાંચની ટીમને સફળતા મળી હતી અને બે ચિલઝડપકારને દબોચી લઇ સોનાના ત્રણ તૂટેલા ચેઇન કબ્જે કર્યા છે. મોજશોખ માટે આ બંને નંબર વગરનું બાઇક લઇને નીકળતાં હતાં અને ઘરની બહાર ઉભેલા કે ચાલીને જતાં હોય એવા મહિલા, વૃધ્ધાઓને નિશાન બનાવી ચેઇન ખેંચી ભાગી જતાં હતાં. ગાંધીગ્રામ પોલીસ મથક હેઠળના વિસ્તારોમાં ચેઇનની ચિલઝડપના ચાર બનાવો બન્યા હોઇ અલગ અલગ ટીમો ભેદ ઉકેલવા મથામણ કરી રહી હતી. દરમિયાન ક્રાઇમ બ્રાંચની ટીમને મળેલી બાતમી પરથી લોધીકાના ઇટાળા પાંભરના એકત્રીસ વર્ષના ધર્મેશ ભુરાભાઇ સનુરા તથા ઇટાળાની ધારના વીસ વર્ષના મેહુલ દેવરાજભાઇ સનુરાને પકડી લીધા હતાં.

આ બંને ચિલઝડપકાર પાસેથી પોલીસે ૧.૮૦ લાખનો સોનાનો તૂટેલો ચેઇન, ૧,૬૩,૨૦૦નો તૂટેલો ચેઇન અને ૧,૮૨,૨૦૦નો તૂટેલો ચેઇન મળી ૫,૨૫,૯૦૦ના ત્રણ ચેઇન તથા ૩૦ હજારનું જીજે૦૩એનએમ-૫૮૪૩ નંબરનું હોન્ડા શાઇન બાઇક અને ૧૫ હજારના બે મોબાઇલ ફોન મળી કુલ ૫,૭૧,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસના કહેવા મુજબ આ બંને સગામાં થાય છે અને છુટક કામ કરે છે. મોજશોખ માટે પૈસાની જરૂર હોઇ બાઇક લઇ પોતાના ગામથી મોટે ભાગે સાંજના સમયે નીકળતાં અને ત્યારે વાહનની નંબર પ્લેટ કાઢી નાંખતા હતાં. કોઇ શેરી ગલીમાં ઘર બહાર મહિલા ઉભા હોઇ કે ચાલીને જતાં હોય અથવા એકલા વૃધ્ધા ચાલીને જતાં હોય તો ગળા પર ઝોંટ મારી ચેઇન ખેંચી ભાગી જતાં હતાં.

આ રીતે તેણે હનુમાન મઢી પાસે, માધાપર ચોકડી પાસે તેમજ અન્ય બે મળી ચાર ચિલઝડપના ગુના આચર્યા હતાં. આ બધા ગુના ગાંધીગ્રામ પોલીસમાં નોંધાયા હતાં. તેનો ભેદ ઉકેલાયો હતો. બંનેએ ચિલઝડપ કરેલા ચેઇન કરણપરા-૧૩માં બસ સ્ટેશન પાછળ રહેતાં કમલેશ હર્ષદભાઇ માંડલીયાને વેંચ્યા હોઇ કમલેશ સામે પણ કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ બી. બી. બસીયાની સુચના અંતર્ગત પોલીસ ઇન્સ્પેક્ટર એમ. આર. ગોંડલીયા, એમ. એલ. ડામોર, સી. એચ. જાદવ, પીએસઆઇ એ. એન. પરમાર, વી. ડી. ડોડીયા, એસ. વી. ચુડાસમા, એમ. કે. મોવલીયા અને તેમની ટીમોએ આ ભેદ ઉકેલ્યા હતાં. ગાંધીગ્રામ પોલીસ કબ્જો મેળવી વિશેષ પુછપરછ કરશે.

---

### યુવાન દિકરીના મૃત્યુ નિપજતાં પરિવારમાં શોક

# ઘરમાંથી પૈસા ઓછા થતાં પિતાએ પુછ્યું ખોટુ લાગતાં દિકરીનો આપઘાત

### ચંદ્રેશનગર રોડના મણીનગરની ઘટના : ઝેરી દવા પી જીવ દીધો



રાજકોટ, તા. ૧૦

આપઘાતની અન્ય એક ઘટનામાં શહેરના માયાણી ચોક પાસે ચંદ્રેશનગર રોડ પર આવેલા મણીનગરમાં રહેતી ઓગણીસ વર્ષની કોલેજીયન યુવતિએ ઝેરી ટીકડીઓ પી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. ઘરમાંથી રોકડ રકમ ગૂમ થઇ હોઇ આ બાબતે પિતા ઘરમાં પુછપરછ કરી હોઇ તેના કારણે તેણીને ખોટુ લાગી જતાં તેણીએ આ પગલુ ભર્યાનું બહાર આવ્યું હતું.

ચંદ્રેશનગર રોડ પર મણીનગર-૨ ખીજડીવાળા રોડ પર રહેતી હેમાંશીબેન સંજયભાઇ ગોહેલ નામની ઓગણીસ વર્ષની યુવતિએ ગઇ ગત ત્રીસમી ઓગષ્ટના રોજ ઘરે ઘઉમાં રાખવાની ટીકડીઓ પી લેતાં ખાનગી હોસ્પિટલમાં સારવાર અપાવી ત્યાંથી બીજી એક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પરંતુ તેનું ગત મોડી રાતે મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવની જાણ ખાનગી હોસ્પિટલ મારફત થતાં માલવીયાનગર પોલીસ સ્ટેશનના હેડકોન્સ. એ. વી. ચાવડાએ જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસની તપાસમાં ખુલ્યા મુજબ ઘરમાંથી પાંચ સાત હજાર રૂપિયા ઓછા થઇ ગયા હતાં

આ અંગે પિતા સંજયભાઇએ ઘરમાં વાત કરી હતી અને રૂપિયા ઓછા થયા હોઇ તે અંગે પુછતાછ કરી હતી. આથી હેમાંશીબેનને માઠુ લાગી જતાં તેણીએ ઝેરી ટીકડી પી લીધી હતી અને સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. તેણીના પિતા છુટક મજૂરી કરે છે. હેમાંશીબેને કોલેજ સુધીનો અભ્યાસ કર્યો હતો.નવ દિવસની સારવારને અંતે તેણીનું મૃત્યુ નિપજતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

---

# એસટી બસ સ્ટેશનમાં દિલ ધડકતું બંધ થયું : વૃધ્ધની જિંદગી ખતમ

### ચલાલાથી રાજકોટ સગાને મળવા નીકળ્યા હતાં પણ તેમની ઘરે પહોંચી ન શક્યા

રાજકોટ, તા. ૧૦

હૃદય રોગનો હુમલો વધુ એક વખત જીવલેણ બન્યો હતો. ઢેબર રોડ પર એસટી બસ સ્ટેશનમાં જ અમરેલીના ચલાલાના વૃધ્ધ ઢળી પડ્યા હતાં. એક અજાણ્યા વૃધ્ધ એકાએક બેભાન થઇ પડી જતાં તેમને આવી હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ ઓીહ મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં એ-ડિવીઝન પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. તપાસ કરતાં મૃતક પાસેથી મળેલા મોબાઇલ ફોન, કાગળોને આધારે તેમની ઓળખ થઇ હતી. રાજકોટ રહેતાં તેમના સગા હોસ્પિટલે પહોંચ્યા હતાં અને મૃતક વૃધ્ધનું નામ બીરેનભાઇ લૈયારામ જોષી હોવાનું ખુલ્યું હતું.

ત્રેસઠ વર્ષના આ વૃધ્ધ મુળ એમપીના વતની હતાં. અગાઉ રાજકોટ રહેતાં હતાં અને હાલ ચલાલા રહી પાણીપુરીનો ધંધો કરતાં હતાં. તેમને સંતાનમાં ત્રણ દિકરી અને એક દિકરો છે. રાજકોટ કુટુંબી ભાઇને ત્યાં આવવા બસમાં બેઠા હતાં. રાજકોટ બસ પોર્ટમાં બસમાંથી ઉતર્યા બાદ તબીયત બગડતાં બેભાન થઇ ગયા હતાં અને મૃત્યુ થયું હતું. હાર્ટએટેક આવી ગયાનું તારણ નીકળ્યું હતું. બીજા બનાવમાં ચુનારાવાડ શેરી નં. ૭માં રહેતાં બત્રીસ વર્ષના દિનેશભાઇ રૂપાભાઇ જોગરાણા ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ અંતિમશ્વાસ લઇ લેતાં પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. થોરાળા પોલીસે કાર્યવાહી કરી હતી. મૃતકને કેન્સર હોવાનું સગાએ કહ્યું હતું.

---

### DCBએ ૩૭ હજારનો અને LCB ઝોન-૧ ટીમે ૨૮૮૦૦નો જથ્થો કબ્જે કર્યો

# દારૂના બે દરોડા : જંગલેશ્વરમાંથી શેહઝાદ, સામા કાંઠેથી ધવલ ઝડપાયો



રાજકોટ, તા. ૧૦

દારૂના બે દરોડામાં ક્રાઇમ બ્રાંચે જંગલેશ્વરમાં એક ઓરડીમાં દરોડો પાડી એક શખ્સને રૂા. ૩૭,૦૮૦ ના વિદેશી દારૂ સાથે પકડ્યો હતો. તો એલસીબી ઝોન-૧ ટીમે એક શખ્સને ૨૮,૮૦૦ના દારૂ સાથે પકડી લીધો હતો.

જંગલેશ્વર મેઇન રોડ પર શેરી નં. ૧૭ માં એક ઓરડીમાં વિદેશી દારૂનો જથ્થો હોવાની ક્રાઇમ બ્રાંચના હેડ કોન્સ જયરાજસિંહ કોટીલાને બાતમી મળતા સ્ટાફ સાથે જંગલેશ્વર શેરી નં. ૧૭માં ઓરડીમાં દરોડો પાડી રૂા. ૩૭,૦૦૦ ની કિંમતની વિદેશી દારૂની ૧૨ બોટલ સાથે જંગલેશ્વર-૧૭માં રહેતાં શેહઝાદ અકબરભાઇ શેખને પકડી લઇ કાર્યવાહી કરી હતી. આ કામગીરી ઇન્સ. એમ.આર. ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પી.એસ. આઇ. વી.ડી. ડોડીયા, હેડકોન્સ જયરાજસિંહ કોટીલા, દિલીપભાઇ બોરીચા તથા કોન્સ. વિશાલભાઇ દવે દ્વારા કરવામાં આવી હતી.

જ્યારે માર્કેટીંગ યાર્ડ તરફ જતા રોડ પર ડીસીપી ઝોન-૧ની એલસીબીની ટીમે બાતમીના આધારે દરોડો પાડી રૂા.૨૮,૮૦૦ની કિંમતના વિદેશી દારૂના ચપલા સાથે ઈમીટેશનના વેપારીને પકડી લીધો હતો. ગ્રીનલેન્ડ ચોકડી પુલ પાસે માર્કેટીંગ યાર્ડ તરફ જતા રોડ પર એક શખ્સ વિદેશી દારૂ સાથે ઉભો હોવાની બાતમી મળતા ડીસીપી ઝોન-૧ની એલસીબીના એએસઆઇ મનરૂપગીરી ગૌસ્વામી તથા કોન્સ. રવિરાજભાઇ પટગીર સહિતે દરોડો પાડી રૂા.૨૮,૮૦૦ની કિંમતના વિદેશી દારૂના ૯૬ ચપલા સાથે પેડક રોડ આર્યનગર-૧૩માં રહેતાં ધવલ મનસુખભાઇ સોજીત્રાને પકડી લઇ કાર્યવાહી કરી હતી.

---

### જોમ જુસ્સાથી શરૂ થયેલી ઝુંબેશ ટાઢી પડી ગયા પછી ગરમી પકડનારા હવે હથીયાર તરીકે કરવા માંડ્યા હેલ્મેટનો ઉપયોગ

# આનાથી માથુ પણ રંગી શકાય!ઃ મહિલાને હેલ્મેટના ઘા

## બાલાજી હોલ પાસેના બિલ્ડીંગમાં સફાઇ કામ કરવા આવતાં મહિલા પર મેનેજરે ગુસ્સે થઇ હુમલો કરતાં સારવાર માટે દાખલ થવું પડ્યું



રાજકોટ, તા. ૧૦

હેલ્મેટનાકાયદાનો અમલ કરાવવા પોલીસે બહુ જોરશોરથી ઠસ્સા જૂસ્સાથી ઝુંબેશ શરૂ કરી દીધી હતી. આરંભે જ એટલે કે સોમવારે પાંચ કલાકની ડ્રાઇવમાં પાંત્રીસસો વાહનચાલકોને દંડનો ડામ દઇ દીધો હતો. પરંતુ ધારાસભ્યોની ગૃહમંત્રીને રજૂઆત બાદ હાલ પુરતી આ ઝુંબેશને સાવ ટાઢી પાડી દેવામાં આવી છે અને લોકો હેલ્મેટ મામલે જાગૃત થાય તેવા પ્રયાસો શરૂ થયા છે. જો કે એક જ દિવસની ઝુંબેશની અસરને પગલે અનેક વાહનચાલકો હેલ્મેટ પહેરતા થઇ ગયા તે હકિકત છે. અકસ્માત વખતે માથાની રક્ષા કરતું હેલ્મેટ કો'કના માથા ભાંગવામાં કે શરીરે ચાંભા ઉપાડી દેવામાં પણ કામ આવતું હોય છે! આ વાતની પ્રતીતિ કરાવતી ઘટના સામે આવી છે. જેમાં એક મહિલાએ હેલ્મેટથી માર મારવામાં આવતાં તેણીને સારવાર માટે દાખલ થવાની નોબત આવી હતી.

ઘટના છે રંગીલા મોજીલા રાજકોટ શહેરની. અહિ ફરજીયાત હેલ્મેટનો અમલ શરૂ થયો અને પછી બીજા જ દિવસે પોલીસે રાહતનો રસ્તો અપનાવી લીધો હતો. જો કે અનેક લોકોએ દંડના ડામથી બચવા હેલ્મેટ લઇ લીધા હતાં. અકસ્માત વખતે માથાની રક્ષા જેનાથી થાય છે એ હેલ્મેટનો લોકો બહબહાટી બોલાવવામાં પણ ઉપયોગ કરવા માંડ્યા છે. શહેરના દોઢસો ફુટ રીંગ રોડ પર આવેલા એક બિલ્ડીંગમાં સફાઇ કામ માટે આવતાં મહિલા સાથે એક શો રૂમના મેનેજરે ઝઘડો કરી હેલ્મેટથી હુમલો કરી આડેધડ ઘા મારી લેતાં મહિલા ઇજાઓ સાથે હોસ્પિટલમાં પહોંચતાં ડોક્ટરે પોલીસ કેસ જાહેર કર્યો હતો. બાલાજી હોલ પાછળ ધોળકીયા સ્કૂલ નજીક સાગર ચોક પાસે ક્વાર્ટરમાં રહેતાં કાજલબેન દિનેશભાઇ મકવાણા નામના ત્રીસ વર્ષના મહિલાને તે બાલાજી હોલ નજીક સત્વ બિલ્ડીંગમાં હતાં ત્યારે અહિ શો રૂમમાં મેનેજર તરીકે નોકરી કરતાં અભય નામના વ્યક્તિએ તેણીને હેલ્મેટના ઘા ફટકારી દેતાં ઇજા થતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં.

ડોક્ટરે આ મામલે એમએલસી કેસ જાહેર કરતાં સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના રામશીભાઇ વરૂ, અમૃતભાઇ મકવાણા, પ્રકાશભાઇ રાઠોડ, ધર્મેન્દ્રભાઇ હુદડ, ધર્મેન્દ્રભાઇ ચાવડાએ તાલુકા પોલીસને જાણ કરી હતી. કાજલબેનના સગાએ કહ્યું હતું કે તેણી આ બિલ્ડીંગમાં અલગ અલગ ઓફિસોમાં સફાઇ કામ કરવા જાય છે. સોમવારે કાજલબેનના દિકરાને મજા ન હોઇ કામે રજા રાખી હતી. આજે સવારે કામે આવતાં અભયએ તમે રજા રાખો ત્યારે અમે ફોન કરીએ તો તમારા છોકરા ફોન ઉપાડે છે તેમ કહેતાં કાજલબેને ફોન કંપનીનો નથી, છોકરા ઉપાડે કે ગમે તે ઉપાડે તેમ કહેતાં બોલાચાલી થઇ હતી.

આ વખતે અભીએ પોતે જ્યાં બેઠા હતાં ત્યારે ટેબલ હેલ્મેટ પડ્યું હોઇ તે ઉપાડીને તેનાથી હુમલો કરી બે ત્રણ ઘા મારી લેતાં દેકારો મચી ગયો હતો. લોકો ભેગા થઇ જતાં કાજલબેનને છોડાવ્યા હતાં. તેણે પરિવારજનોને જાણ કરતાં હોસ્પિટલમાં ખસેડાયા હતાં. હેલ્મેટનો હથીયાર તરીકે પણ લોકો ઉપયોગ કરતાં થઇ ગયા છે. અગાઉ પણ રાજકોટમાં આ કાયદાનું ફરજીયાત અમલ કરાવવાનું ચાલુ થયું ત્યારે પણ આવી ઘટનાઓ બની હતી.

## ૧૯મી સુધી ચાલનારી બેઠકમાં રાહુલ ગાંધી પણ થશે સહભાગી

# કોંગ્રેસનું હોમવર્ક : જુનાગઢ ખાતે ચિંતન બેઠક

### મલ્લિકાર્જુન ખડગેએ ૨૦૨૭ને ધ્યાને લઈ રણનીતિ બનાવવાનું કર્યું શરૂ : ચિંતન બેઠકમાં મહાનગરો-જિલ્લાના પ્રમુખોને અપાશે પ્રશિક્ષણ




રાજકોટ, તા. ૧૦

ગુજરાતમાં કોંગ્રેસની પકડ મજબૂત થાય તે માટે તમામ જરૂરી પગલાઓ લેવામાં આવી રહ્યા છે ત્યારે ગઈકાલથી જૂનાગઢની ભવનાથ તળેટીમાં આવેલા પ્રેરણામાં આશ્રમમાં ૧૦ સપ્ટેમ્બર થી ૧૯ સપ્ટેમ્બર સુધી પ્રશિક્ષણ શિબિર નો પ્રારંભ કરવામાં આવ્યો છે જેમાં મહાનગરોના પ્રમુખો તથા જિલ્લા પ્રમુખો ને પ્રશિક્ષિત કરવામાં આવશે.

ગુજરાતમાં ભાજપને હરાવવાની રાહુલ ગાંધીએ ચેલેન્જ આપી છે. કોંગ્રેસે પોતાના સંગઠન સૃજન અભિયાનની ગુજરાતમાંથી શરૂઆત કર્યા બાદ ગુજરાતમાં કોંગ્રેસનું નવસર્જન કરી અનેક જિલ્લા અને શહેરોમાં પ્રમુખો બદલવામાં આવ્યા છે. હવે કોંગ્રેસ આ નવનિયુકત પ્રમુખોને શિક્ષણ આપવા માટે શિબિરનું આયોજન કરી રહી છે. કોંગ્રેસ દ્વારા જુનાગઢની ભવનાથ તળેટીમાં આવેલા પ્રેરણાધામ આશ્રમમાં ૧૦ સપ્ટેમ્બરથી ૧૯ સપ્ટેમ્બર સુધી પ્રશિક્ષણ શિબિરનો ગઈકાલથી પ્રારંભ થઈ ચૂક્યો છે એટલું જ નહીં હાલ ગુજરાતમાં આમ આદમી પાર્ટી પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવા માટે મેદાને ઉતરી ગઈ છે ત્યારે આગામી ૨૦૨૭ ની ચૂંટણીને ધ્યાને લઇ અત્યારથી જ કોંગ્રેસે મેદાનમાં ઝંપલાવી દીધું છે જેમાં રાહુલ ગાંધીએ પણ જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો ત્યારે ગઈકાલે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સંગઠનના મહામંત્રી કેસરી વેણુગોપાલ ગુજરાત કોંગ્રેસ પ્રભારી મુકુલ વાસનિક સહિતના કોંગી આગેવાનો જુનાગઢ આવી પહોંચ્યા હતા ત્યારે રાહુલ ગાંધી પણ આ શિબિરમાં એક દિવસ હાજર રહેશે તેવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી દ્વારા ગુજરાતના જિલ્લા તથા મહાનગરોના પ્રમુખો માટે ખાસ પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે અને મિશન ૨૦૨૭ ને ધ્યાને લઈને જ આ પગલું ભરવામાં આવ્યું હોવાનું મનાઈ રહ્યું છે ત્યારે આગામી દિવસોમાં કઈ રણનીતિ અપનાવી અને લોકો સમક્ષ ક્યાં મુદ્દે જવું અને ક્યાં મુદ્દાને ઉજાગર કરવો તે તમામ બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવશે અને ખાસ તો નવનિયુક્ત જિલ્લા તથા મહાનગરોના પ્રમુખોને પ્રશિક્ષણ આપવામાં આવશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

આજથી શરૂ થતી શિબિરમાં ૩૮ વ્યકિતઓ સિવાય કોઈને એન્ટ્રી આપવામાં આવશે નહીં. નવા વરાયેલા જીલ્લા અને મહાનગરોના પ્રમુખોની પ્રથમ તાલીમ શિબિર આણંદ ખાતે ત્રણ દિવસ યોજાઈ હતી. બીજી શિબિર આજથી જુનાગઢ ખાતે ભવનાથ તળેટી પ્રેરણાધામ ખાતે ૧૦ દિવસ સુધી ચાલશે. કેશોદ વિમાન મથકે ઉતરી જીલ્લાના ૩૦૦ કાર્યકરો આગેવાનો સાથે હસ્તધૂનન કરી સીધા વંથલી મોટર માર્ગે આવી બાબા સાહેબને હારતોરા કરી સીધા જુનાગઢ ભવનાથ તળેટી પ્રેરણાધામ ખાતે પહોંચ્યા હતા. આ તાલીમ શિબિરમાં ૩૮ને જ એન્ટ્રી આપવામાં આવી છે. બાકી એક પણ વ્યકિતને અંદર જવા દેવામાં આવ્યા નથી.

### સંવિધાન મુદ્દે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના ભાજપ પર પ્રહાર

રાષ્ટ્રીય અધ્યક્ષ મલિકાર્જુન ખડગે ભાજપના નેતાઓના નામ લીધા વગર આક્ષેપો કર્યા હતા અને કહ્યું હતું કે મહાત્મા ગાંધી અને સરદાર પટેલના કારણે દેશને આઝાદી મળી છે અને તેઓના કર્મના સિદ્ધાંતથી જ આજે દેશ એક થયો છે જેથી બંને વિભૂતિઓ કોંગ્રેસ માટે પૂજનીયા છે પરંતુ ગુજરાતમાં એવા બે લોકો વસે છે કે જે સંવિધાનને સુરક્ષિત રાખવા માંગતા ન હોય અને મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા જે કામ કરવામાં આવ્યું છે તેના પર પાણી ઢોળ કરવું હોય તેવું કામ હાલ ગુજરાતના બે લોકો કરી રહ્યા છે.

### આમ આદમી પાર્ટીનું વર્ચસ્વ સ્થાપિત ન કરવા દેવા કોંગ્રેસ આવી મેદાને

હાલ વિસાવદર બેઠક આમ આદમી પાર્ટીએ જીત્યા બાદ તેનું વર્ચસ્વ સ્થાપિત થયેલું છે ત્યારે આ વર્ચસ્વને તોડવા માટે કોંગ્રેસ ખુદ પોતે મેદાનમાં ઉતરી છે કારણકે અત્યારે ભાજપને જો કોઈ ટક્કર આપી શકે એમ હોય તો તે હાલ આમ આદમી પાર્ટી હોય તેવું લોકો માની રહ્યા છે ત્યારે જો આપનું વર્ચસ્વ ગુજરાતમાં વધવા લાગશે તો કોંગ્રેસ માટે તે કપરા ચડાણ સમાન સાબિત થઈ શકે તેમ છે જેને લઈ હાલ કોંગ્રેસ દ્વારા આમ આદમી પાર્ટીનું વર્ચસ્વ સ્થાપિત ન થાય તે માટેના પગલાંઓ લેવામાં આવી રહ્યા છે.

### રોડ રસ્તાનો મુદ્દો પણ બેઠકમાં ચર્ચાયો

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે એ જણાવ્યું કે કોંગ્રેસના શાસનમાં જે રોડ રસ્તા બન્યા હતા તે ટક્યા હતા પરંતુ અત્યારના ભાજપ સરકાર જે રોડ રસ્તા બનાવી રહી છે તેના પર વરસાદી પાણી રોડને ધોઈ રહ્યું છે ત્યારે ભાજપ દ્વારા લોકોની સુખાકારી અને સલામતી માટે જે પગલાં લેવા જોઈએ તે લેવામાં આવ્યા નથી જેનાથી ઘણી ખરી તકલીફો લોકોને વેઠવી પડી છે ત્યારે જો આગામી દિવસોમાં કોંગ્રેસની સરકાર બનશે તો ભૂતકાળમાં જે રીતે કોંગ્રેસના શાસનમાં રોડ રસ્તા ટકાઉ બનતા તેવા જ રસ્તાઓનું નિર્માણ થશે તેમાં કોઈ શંકા ને સ્થાન નથી.

### રાજયમાં ૩૬ હજારથી વધુ પ્રોવિઝનલ રજીસ્ટ્રેશન પૂર્ણ : રજીસ્ટ્રેશન વિના ચાલતી ચિકિત્સા સંસ્થાને રૂા. ૨૫ હજારથી રૂા. ૫ લાખ સુધીના દંડની જોગવાઈ

# આરોગ્ય સંસ્થાઓને કામ ચલાવ નોંધણી માટે ૭ માસની અવધી

### નાના ક્લિનીકથી લઇ મોટી મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ, લેબોરેટરી અને ઈમેજીંગ સેન્ટર્સ સહિતની તમામ આરોગ્ય સંસ્થાઓની ડિજીટલી રજીસ્ટ્રી આપત્તિ સમયે કારગત સાબિત થશે : ઋષિકેશ પટેલ

ગાંધીનગર, તા. ૧૦

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે વિધાનસભા ગૃહમાં ''ધ ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) દ્વિતીય સુધારા વિધેયક -૨૦૨૫'' રજુ કર્યું હતું. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આ સુધારા વિધેયકના મુખ્ય ઉદ્દેશ અને જોગવાઈઓ સંદર્ભે જણાવ્યું હતું કે, રાજ્યમાં નાના ક્લિનીકથી લઇ મોટી મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ , લેબોરેટરી અને ઈમેજીંગ સેન્ટર્સ સહિતની તમામ આરોગ્ય સંસ્થાઓ,તેમજ આ સંસ્થાઓમાં કામ કરતા મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફની વિગતો , તેમાં ઉપલ્બધ બેડ, ICU, ઈમરજન્સી સેવાઓ વિગેરેની સચોટ માહિતી મળી રહે તે ઉદ્દેશથી રાજય સરકારે જાહેરનામું પ્રસિધ્ધ કરીને ''ધ ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) એક્ટ-૨૦૨૧ સમગ્ર રાજયમાં અમલમાં મૂકેલ છે.




તેમણે ઉમેર્યું કે, રાજ્યમાં કંઇ હોસ્પિટલ કયા પ્રકારની સેવા આપી રહી છે, હોસ્પિટલમાં કે ક્લિનિકમાં કયા કયા પ્રકારની સુવિધાઓ, સાધનો, કઇ સ્પેશ્યાલિટીના તબીબો છે તેનું ડેટા મેનેજમેન્ટ અને નિયમન કરીને ડિજીટલી રજીસ્ટ્રી પ્રજાલક્ષી પોલિસી બનાવવા અને આપત્તિ સમયે કારગત સાબિત થશે. આ એક્ટ હેઠળ માન્યતા પ્રાપ્ત ચિકિત્સા પધ્ધતિ દ્વારા માંદગી, ઈજા, શારીરિક ખોડ, વિકૃતિ અથવા સગર્ભાવસ્થા માટે નિદાન, સારવાર અથવા સંભાળ રાખવા માટેની જરૂરી સેવાઓ, સુવિધાઓ પૂરી પાડતા હોય તેવી હોસ્પિટલ, પ્રસુતિગૃહ, નર્સિંગ હોમ, ડીસ્પેન્સરી, કલીનીક, સેનીટોરીયમ, આ ઉપરાંત લેબોરેટરી, તબીબી સાધનોની મદદથી જ્યાં પેથોલોજીકલ, બેકટેરીયોલોજીકલ, જીનેટીક, રેડીયોલોજીકલ, કેમીકલ, બાયોલોજીકલ તપાસ અથવા તપાસ વિષયક સેવાઓ આપવામા આવતી હોય તેવી સંસ્થાઓનો સમાવેશ કરાયો છે.

હાલ રાજયમાં ધ ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ એક્ટ-૨૦૨૧ અંતર્ગત તમામ આરોગ્ય સંસ્થાઓએ તા. ૧૨-૦૯-૨૦૨૫ સુધી રજીસ્ટ્રેશન કરાવવાનું હતું. આ સુધારા વિધેયક પસાર થતા નોટીફિકેશન દ્રારા રાજ્યની આરોગ્ય સંસ્થાઓને કામચલાઉ રજીસ્ટ્રેશન માટેની અરજી કરવા માટેનો સમય ૭ માસ એટલે કે તા.૩૦-૦૪-૨૦૨૬ સુધી વધારવામાં આવશે. આ સુધારા વિધેયક સંદર્ભે ગૃહના વિવિધ સભ્યોએ વિગતવાર ચર્ચા કરી હતી અને ચર્ચાના અંતે આ વિધેયકને બહુમતીથી પસાર કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ધ ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ એક્ટ રાજયમાં ૨૦૨૧થી અમલમાં આવેલ છે.

કાયદાની જોગવાઇઓના ઉલ્લંઘન બદલ દંડાત્મક જોગવાઇઓ છે. જે પ્રમાણે કાયદા કે નિયમોની કોઇ જોગવાઇના ભંગના કિસ્સામાં રૂ. ૧૦ હજાર થી રૂ. ૧ લાખ સુધીના દંડની જોગવાઇ, રજીસ્ટ્રેશન વગર ક્લિનિક ચલાવવાના કિસ્સામાં રૂ. ૨૫ હજાર થી લઇ રૂ. ૧ લાખ સુધીના દંડની જોગવાઇ અને અધિકૃત વ્યક્તિ કે ઓથોરીટીના નિર્દેશોનું પાલન ન કરવાના કે માહિતી આપવાના ઈન્કાર કરવા વિગેરે કિસ્સામાં રૂ. ૫ લાખ સુધીના દંડની જોગવાઇ છે.

## મેડ ઇન ઈન્ડિયાને વળગી લોકોએ અર્થવ્યવસ્થાને આગળ વધારવા કરવાં પડશે પ્રયત્નો

# દેશની GDPમાં ગુજરાતનો ફાળો ૮.૨ ટકા

### સ્થાનિક ઉત્પાદનો એ માત્ર જરૂરિયાત નહિ, પરંતુ સરકારની જવાબદારી : રાષ્ટ્રીય નિકાસમાં ૨૭ ટકાના યોગદાન સાથે ગુજરાત દેશનું ગ્રોથ એન્જીન

રાજકોટ, તા. ૧૦

આત્મનિર્ભર ભારતને પ્રોત્સાહન આપવા અને સ્વદેશી ઉત્પાદનોને ટેકો આપવા વોકલ ફોર લોકલ ઉપર ભાર મૂકતા ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, દેશના અને રાજયના સ્થાનિક ઉત્પાદનો એ માત્ર જરૂરિયાત નહિ, પરંતુ આપણી જવાબદારી પણ છે. મંત્રીએ દેશના વિકાસમાં ગુજરાતનું મહત્વ સમજાવતા કહ્યું હતું કે, ગુજરાત આજે ભારતના ૠઙઉઙ્માં ૮.૨ ટકા, ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૮ ટકા અને રાષ્ટ્રીય નિકાસમાં લગભગ ૨૭ ટકાના યોગદાન સાથે દેશના મોખરાના રાજ્યો પૈકીનું એક બન્યું છે.

છેલ્લા દિવસના પ્રસ્તાવની ચર્ચામાં સહભાગી થતા મંત્રીએ જણાવ્યું હતું કે, બ્રિટીશ શાસનમાં ભાંગી પડેલી ભારતની અર્થવ્યવસ્થા દેશની આઝાદી પછીના અનેક વર્ષો સુધી ખડેપગ થઇ શકી ન હતી. વર્ષ ૨૦૧૪માં દેશના વડાપ્રધાન તરીકેનો કાર્યભાળ સંભાળ્યાની સાથે જ નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ લેવાયેલા વિઝનરી નિર્ણયોના પરિણામે આજે ભારતની અર્થવ્યવસ્થા વિશ્વમાં ચોથા સ્થાને પહોંચી છે. આ ત્યારે જ શક્ય બને જ્યારે, દેશના વિકાસ માટેનું એક દૂરંદેશી વિઝન અને એ વિઝનને પરિપૂર્ણ કરવા માટેનો દ્રઢ સંકલ્પ કર્યો હોય.

દેશના વિકાસનો મૂળ પાયો ગુજરાતમાં નાખવામાં આવ્યો હતો. ગુજરાતની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવા રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ જેવી વિશેષ પહેલોના પરિણામે જ આજે ગુજરાત દેશના વિકાસનું ગ્રોથ એન્જીન બન્યું છે. ગુજરાતના જ તર્જ પર વડાપ્રધાનએ વર્ષ ૨૦૧૪ બાદ દેશના વિકાસની નવી પરિભાષા લખી છે. ભારતને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર અને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતનું યોગદાન દરેક ક્ષેત્રે સૌથી વધુ હશે, તેવો મંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ગુજરાતના વિકાસનું સરવૈયું આપતા મંત્રી રાજપૂતે કહ્યું હતું કે, વર્ષ ૨૦૦૩માં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની શરૂઆત થઇ ત્યારે, ગુજરાતનું GSDP એટલે કે, રાજ્યનું કુલ ઉત્પાદન ૧.૨૩ લાખ કરોડ હતું, જે વર્ષ ૨૦૨૪માં વધીને ૨૨ લાખ કરોડ થયું છે. તેવી જ રીતે, રાજ્યની માથાદીઠ આવક પણ ૧૮,૩૯૨થી વધીને ૨,૭૩,૫૫૭ થઇ છે. આ ઉપરાંત રાજ્યના ઉત્પાદન અને મેન્યુફેક્ચરિંગ આઉટપુટમાં ૧૫-૧૫ ગણો, સર્વિસ સેક્ટરમાં ૧૩ ગણો અને મૂડી રોકાણમાં ૯ ગણો વધારો થયો છે. સાથે જ, રાજ્યમાં નાના ઉદ્યોગોની સંખ્યા પણ છેલ્લા ૨૦ વર્ષમાં ૧.૩૮ લાખથી વધીને ૨૧ લાખ થઇ છે.

વોકલ ફોર લોકલ અંતર્ગત સ્થાનિક ઉત્પાદનોને વધુ સહાય તેમજ સવલતો આપવા માટે ગુજરાતે વન ડિસ્ટ્રીક્ટ વન પ્રોડક્ટ કાર્યક્રમને પણ ખૂબ જ વેગવાન બનાવ્યો છે. રાજયના દરેક જિલ્લામાં વિવિધ ઉત્પાદનોની ઓળખ કરીને જિલ્લામાં તેના ઉત્પાદનની સંભાવનાને પારખવામાં આવે છે. રાજયના દરેક જિલ્લાના વિશિષ્ટ ઉત્પાદનોને વિશ્વ કક્ષાએ એક આગવી ઓળખ મળે તે માટે ભારત સરકારના સહયોગથી કુલ ૯૦ જેટલા ઉત્પાદનોની વન ડિસ્ટ્રીક્ટ વન પ્રોડક્ટ હેઠળ પસંદગી કરવામાં આવી છે અને તેના ઉત્પાદનને વેગ આપવા અનેકવિધ પ્રોત્સાહન પણ આપવામાં આવી રહય છે. જે ખરા અર્થમાં વોકલ ફોર લોકલની ભાવનાને ચરિતાર્થ કરે છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

છેલ્લા એક દાયકામાં ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનમાં ૫૦૦ ટકા અને મોબાઈલ ફોન ઉત્પાદનમાં ૨,૭૦૦ ટકાનો વધારો થયો છે. ખાદીનું વેચાણ પણ લગભગ ૭ ગણું વધ્યું છે અને ૯.૫ લાખથી વધુ નવી નોકરીઓનું સર્જન થયું છે, તેમ મંત્રીએ ઉમેર્યુ હતું. વોકલ ફોર લોકલના મૂળમંત્રથી દેશના નાગરિકોને આહ્વાન કરવામાં આવ્યું છે કે, તેઓ માત્ર ભારતમાં બનેલી વસ્તુઓનો જ ઉપયોગ કરે. આ અભિયાન એક એવી પ્રતિજ્ઞા છે, જેમાં દરેક વ્યક્તિએ પોતાના ઘરે વપરાતી વસ્તુઓની યાદી બનાવીને સ્વદેશી વિકલ્પો અપનાવવાના છે. અંતમાં, વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે દરેક ભારતીયને માતૃભૂમિના કલ્યાણ માટે સ્વદેશી અપનાવવા મંત્રીએ અનુરોધ કર્યો હતો.

